
SHREE SWAMINARAYAN
श्री स्वामिनारायण

Rs. 5/-

January '07



પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૯ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



વિરમગામ પ.ભ.બાબુભાઈ ઠક્કરને ત્યાં તુલસી વિવાહ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી તથા પૂ. લાલજી મહારાજશ્રી



ચલોડા (જીતબાનું) મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતાપ.પૂ.મહારાજશ્રી



કોલોનિયા (અમેરિકા) મંદિરમાં અન્નકૂટ દર્શન



પુંધરા (તા.વિજાપુર)ગામે સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી



વિરમગામ પ.ભ.બાબુભાઈ ઠક્કરના પૌત્રોને યજ્ઞોપવિત ધારણ કરાવી આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



જેતલપુર શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં સરસ્વતી પૂજન પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.મહારાજશ્રી અને વિદ્યાર્થી સંતો દ્વારા આયોજીત સંસ્કૃત નાટકનું દ્રશ્ય



ચલોડા (જીતબાનું) મંદિરે આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૯ જાન્યુઆરી - ૨૦૦૭

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	"અમદાવાદ શ્રી નરનારાયણદેવના આંગણે" ધનુર્માસની ધૂનનો ધન્ય ધબકાર અને ધર્મવંશી ધર્માચાર્યના ધન્યવાદ	૪
૪.	મકરસંક્રાન્તિ	૬
૫.	ભગવાનની કૃપાથી રાગરાગીણીઓને મૂર્તિમંત કરતા દેવાનંદ સ્વામી	૭
૬.	હવે તો કંઈક વિચારો !!!	૮
૭.	સર્વોપરિ શ્રીહરિના સ્વરૂપમાં દૃઢ નિશ્ચય	૯
૮.	"પ્રતિષ્ઠાપિત મૂર્તિમાં ભગવાન" "આચાર્યશ્રીમાં ભગવાન"	૧૧
૯.	મૂર્તિ પૂજાનો મહિમા	૧૩
૧૦.	શ્રીજી મહારાજની વ્યૂહ રચના	૧૪
૧૧.	દયાળુ દેવ શ્રી નરનારાયણદેવ	૧૫
૧૨.	સત્સંગ સુરભિ : મુક્ત તો આજ થયો છું !	૧૬
૧૩.	સત્સંગ બાલવાટિકા (૧) સુખનું મૂળ (૨) આવો અપરાધ ન કરતા	૧૮
૧૪.	ભક્તિસુધા (૧) સુખ ક્યાં રહેલું છે ? (૨) સાચા સગા સંત (૩) સમદર્શી સહજાનંદ (૪) ઊંઝા ગામમાં શ્રીહરિનું આગમન	૨૦
૧૫.	પ્રશ્નપેટી	૨૩
૧૬.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૪

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.


ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

Visit us : www.swaminarayan.info

E-mail : sntemple@hotmail.com

www.swaminarayanmuseum.com / org



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી

(મહંત સ્વામી)

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦

વંશ પરંપરાગત

દેશમાં રૂા. ૫૦૧-૦૦

વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦

છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય

દર માસની ૧૧મી તારીખે

ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

अस्मदीयम्

તંત્રીશ્રીની કલમે....

પવિત્ર દિવસોમાં પોતાના ઈષ્ટદેવનું ભજન સ્મરણ કરવાથી જીવના હૃદયમાંથી જગતની આસક્તિ દૂર થાય છે અને પરમેશ્વરમાં પ્રીતિ થાય છે. જ્યાં સુધી જગતના નાશવંત પદાર્થોમાંથી આસક્તિ ન જાય ત્યાં સુધી ભગવાનના સ્વરૂપમાં ચિત્ત લાગતું નથી અને તેના જ કારણે જીવને વારંવાર જન્મ મૃત્યુના મહાદુઃખમાં ભટકવું પડે છે. જન્મ અને મૃત્યુના મહાકષ્ટમાંથી છૂટવા માટે કેવલ "एकमेवम्" ભગવાનના શરણ સિવાય કોઈ બીજો ઉપાય જ સમગ્ર બ્રહ્માંડમાં છે જ નહીં. એટલા માટે જ આપણા વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં શરણાગતિ ભક્તિ (પ્રપન્ન ભક્તિ) ને જ સાધ્ય ભક્તિ તરીકે સિધ્ધ કરવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. અન્ય બધા જ પ્રકારની ભક્તિ તે સાયન ભક્તિ છે. જપ, તપ, વ્રત, ઉપવાસ, દાન, ધર્મકાર્ય આદિ સાધ્ય ભક્તિ સિધ્ધ કરવા માટેના બધાજ સાધનો છે. સાધન જેટલું શ્રેષ્ઠ તેટલી સાધ્યની પ્રાપ્તિ પણ શ્રેષ્ઠ થાય છે. જેમ આપણી પાસે કોઈ જગ્યા એ પહોંચવા માટે વાહન જેટલું સારું તેટલી મુસાફરી પણ સારી અને સલામત. જેમ કે, કાર, રેલ્વે, બસ કે વિમાન આમાંથી જે વાહનનો ઉપયોગ કરીએ તે પ્રમાણે સરળતાથી અને ઓછા સમયમાં ડેસ્ટીનેશને પહોંચી શકાય છે. તેમજ જેટલી સાધન ભક્તિ આપણી દૃઢ હશે તેટલાં વહેલાં સાધ્યભક્તિ ને સિધ્ધ કરીને આત્યંતિક મોક્ષ સુધી આ જીવ પહોંચી શકશે. માટે પરમેશ્વરની ભક્તિ કરવામાં કોઈપણ પ્રકારની કચાશ રહેવા દેવી નહિ.

तंत्री श्री (महंत स्वामी)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેંબર - ૨૦૦૬)

૧. સંત દીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે આપી.

૩. પ.ભ. અંબાલાલ સાંકળચંદ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી, ગાંધીનગર
પ.ભ. જયેશભાઈ પટેલ (વડુવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, રાણીપ.
પ.ભ. રાજેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (વડુવાળા) અને ત્યાં અન્ય પધરામણીઓ, રાણીપ.
પ.ભ. નટવરભાઈ જાદવજીભાઈ પટેલ, પ.ભ. અરવિંદભાઈ પટેલ (વિમલ પાવડર)ને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી.

૫. પ.ભ. ચિમનભાઈ નારાયણદાસ પટેલ ને ત્યાં હોમાત્મક મહાપૂજા પ્રસંગે પધરામણી, સોલા.
પ.ભ. શ્રીકાંતભાઈ કાંતિલાલ શાહના નવા મકાનમાં પધરામણી, બોપલ.

૬. વડતાલ મંદિર શ્રી લક્ષ્મીનારાયણદેવના દર્શનાર્થે પધરામણી.
પ.ભ. મહેન્દ્રભાઈ કસ્તુરચંદ ઝિંઝુવાડીયાને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, સેટેલાઈટ.

૭. શિયાણી (તા. લીંબડી-મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણમંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૮. માનપુર (તા. ધ્રાંગધ્રા-મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૯. પ.ભ. જયંતીભાઈ શીવાભાઈ પટેલ (કૌશલેન્દ્ર એન્જીનીયરીંગવાળા)ને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, હાંસોલ
પુંધરા ગામે (જી. ગાંધીનગર) પ.ભ. વિનોદકુમાર ગિરધરલાલ પટેલને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૦. પ.ભ. અમરતભાઈ હરગોવિંદભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સોલા ભાગવત વિદ્યાપીઠ.
પ.ભ. દિલીપભાઈ કાનજીભાઈ સુહાગીયાને ત્યાં પધરામણી, નવા નરોડા.
પ.ભ. બળદેવભાઈ પરસોતમભાઈ સુહાગીયાને ત્યાં પધરામણી, નવા નરોડા.

૧૧. પ.ભ. અમિતકુમાર પ્રાગજીભાઈ તળાવીયાને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, મેઘાણીનગર.
શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પારાયણ પ્રસંગે પધરામણી.
પ.ભ. નટવરલાલ બેચરદાસ પટેલને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી, શાહીબાગ.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા (તા. વિરમગામ) પ્રસાદીની છત્રી-ચરણારવિંદની પૂજા વિધિ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર અખીયાણા (તા. પાટડી-મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. ગોકુળભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, રાજપથ ક્લબ, એસ.જી. હાઈવે.

૧૪. ડિસેંબર-૨૦૦૬ થી ૩ જાન્યુઆરી-૨૦૦૭ કેનિયા (ઈસ્ટ આફ્રિકા) અને લંડન-હેરો યુ.કે. સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

"અમદાવાદ શ્રી નરનારાયણદેવના આંગણે" ધનુર્માસની ધૂનનો ધન્ય ધબકાર અને ધર્મવંશી ધર્માચાર્યના ધન્યવાદ

- શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ વડનગર)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને વિશ્વમાં સૌ પ્રથમ ભરતખંડની ધરતી ઉપર અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણદેવનું મહા મંદિર સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે નિર્માણ કરાવી શ્રીહરિએ સ્વયં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ બાથમાં ઘાલીને પધરાવીને "यावत् चन्द्र दिवाकरौ" મોક્ષનું સદાવ્રત ખુલ્લું મૂક્યુ છે.

જ્યારથી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ પધરાવી ત્યારથી શ્રી નરનારાયણદેવની છત્રછાયામાં અનેક સભૈયા, ઉત્સવો, કથા-પારાયણો વિવિધ વ્રતોત્સવો, જપ યજ્ઞો, મહાપૂજાઓ, જેવા અનેકાનેક કલ્યાણાર્થી મહામહોત્સવો ઉજવાતા આવ્યા છે. તે પૈકી પ્રતિવર્ષે આવતો ધનુર્માસ તો 'સ્વામિનારાયણ' મહામંત્રથી સતત ધબકતો રહે છે. શિયાળાની કડકડતી ગુલાબી ઠંડીમાં ભક્તજનો વહેલા વહેલા ઉઠી સ્નાન - પૂજાપાઠથી પરવારી સવારે પાંચ સાડા પાંચ વાગ્યાના સુમારે મંદિરમાં પહોંચી મંગળા આરતીના દર્શન કરી મંદિરના વિશાળ સભામંડપમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનમાં ગરકાવ થઈ જાય છે, ત્યારે ભક્તજનો જાણે કે અક્ષરધામમાં બેઠા હોય તેવો દિવ્યાનંદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવે છે.

અમદાવાદ મંદિરના વિશાળ સભામંડપમાં ભક્તજનોને એક તરફ શ્રી નરનારાયણદેવનું સાનિધ્ય તો બીજી તરફ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પણ પવિત્ર સાનિધ્ય અને સંતોનો સમાગમ તેમજ શ્રીહરિના પવિત્ર પ્રસાદનો સ્વાદ ધન્યતા પ્રાપ્ત કરાવી જાય છે ત્યારે ધનુર્માસની ધૂનનો અનેરો મહિમા સમજાય છે.

● ધનુર્માસ એટલે ધર્મપુત્ર સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરવાનો શ્રેષ્ઠ પવિત્ર અવસર.

● ધનુર્માસ એટલે ધર્મપુત્ર ભગવાન

શ્રીહરિએ સ્થાપન કરેલ ધર્મવંશી ધર્મગુરુ પ્રત્યે ધર્મે સહિત ભક્તિની શ્રધ્ધા વ્યક્ત કરી શુભાશીર્વાદ પ્રાપ્ત કરવાનો અણમોલ અવસર.

● ધનુર્માસ એટલે સતત એક મહિનો સમયસર ધૂનમાં જઈ ધર્મપુત્ર ભગવાન શ્રીહરિ પ્રત્યે તન-મન-ધન સહિત ભક્તિભાવ સમર્પિત કરી શ્રીહરિનો અપાર રાજીપો તેમજ ધર્મવંશી ધર્મધુરંધર પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના ધન્યવાદ પ્રાપ્ત કરવાની એક સોનેરી તક.

ઉપરોક્ત ધૂન કરવાથી શ્રીહરિનો રાજીપો, ધર્મગુરુના શુભાર્શીવાદ તેમજ સંતો-ભક્તોના ધન્યવાદ પ્રાપ્ત કરવાનો અવસર જરૂર મળે, પણ ક્યાં મળે! જાણો છો ભક્તજનો ! હા, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને મંદિરો નિર્માણ કરાવી સ્વયં પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય તેવી શ્રીહરિની મૂર્તિઓના સાનિધ્યમાં અને શિક્ષાપત્રી શ્લોક-૬૨ માં જણાવ્યા પ્રમાણે જે મંદિરોમાં ધર્મવંશી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તેવા મંદિરોમાં બિરાજમાન શ્રીહરિની સાનિધ્યમાં બેસી (દેશમાં કે વિદેશમાં) ધનુર્માસની પવિત્ર ધૂનમાં ગરકાવ થઈએ તો જ ધનુર્માસના શ્રેષ્ઠ અવસરની સોનેરી તક દ્વારા ધન્યતા પ્રાપ્ત કરી શકાય.

ભક્ત નરસિંહ અને બાઈ મીરાંની જેમ ભગવાનને રાજી કરવા ભજન કરે એનું ભગવાન હંમેશા રક્ષણ કરે છે. ભગવાનથી કોઈ મોટો નથી. જેમ મીરાંના ઝેરને પ્રભુએ અમૃત બનાવ્યું એ માત્ર એક ઐતિહાસિક ઘટના નથી, એ તો છે વિશ્વ અને વિશ્વંભરના સ્વભાવનો શાસ્વત પરિચય! ઝેર ઓકવાની જગતને ટેવ છે. જ્યારે અમૃતવર્ષા કરવી એ શ્રીહરિની ચિરંતન પ્રતિક્ષા છે. લોકનિંદા એ વિષ છે અને એનું પાન સન્માર્ગે ચાલનારે કરવું જ પડે છે. પરંતુ 'જપયજ્ઞ' ને વરેલા ભક્તજનો માટે તો એમનું 'અખંડ સ્મરણ' એ જ શ્રીહરિનું ભીતરી આશ્વાસન છે.

જેમ કે, શ્રીકૃષ્ણ અને સુદામાની મૈત્રી સાંદીપનિ ઋષિના આશ્રમમાં પાંગરી હતી. શ્રીહરિના અખંડ સ્મરણ અને ગુરુ સેવામાંથી પ્રગટેલી એ મૈત્રી અખંડ અને ચિરંતન હતી. એ મૈત્રી પાછળનું રહસ્ય સુદામા સતત નારાયણના સ્મરણમાં મગ્ન રહેતા એ હતું. છતાં આપણે જાણીએ છીએ કે સુદામાનું બહું કરૂણ અને કંગાળ ચિત્ર આપણી સામે દોરવામાં આવે છે. સુદામાનું ચરિત્ર આટલું નબળું હોઈ શકે એ વાતમાં તથ્ય લાગતું નથી.

શ્રીકૃષ્ણ પાસે ગયા પછી પણ જે માગતો નથી એવું ઉન્નત ચરિત્ર સુદામાનું છે. કેટલી નિષ્કામ ભક્તિ! અયાચ વ્રતનું પાલન કરનાર એક મહાન વિપ્ર એટલે સુદામા ! સુદામાનો સંસાર ઘણો મોટો જ હોવો જોઈએ. વિદ્વાનો કદી એકલપેટા કે સંકુચિત વૃત્તિના હોઈ શકે નહી. સેંકડો વિદ્યાર્થીઓને જમાડીને ભણાવનાર આ વિપ્રને કેટલી મોટી વ્યવસ્થા કરવી પડતી હશે ! કોઈની પાસે હાથ લાંબો ન કરતાં આવા આશ્રમનું સંચાલન કરવું, કોઈ પણ કાળે કપરૂં જ હોય.

આવા સંજોગોમાં પોતાનું, વિદ્યાદાનનું અભિયાન શી રીતે ચલાવવું તેનું માર્ગદર્શન લેવા જ સુદામા શ્રીકૃષ્ણ પાસે ગયા હતા. શ્રીકૃષ્ણ તેમના માટે મિત્ર અને માર્ગદર્શક સમા હતા. શ્રીકૃષ્ણ ખૂબ જ ભાવથી તેમનું સ્વાગત કરે છે. ભૂતકાળનાં સંસ્મરણો વાગોળતાં વાગોળતાં બન્ને ભાવવિભોર બની - એક મેકને પૂછે છે કે,

"પછી શામળિયાજી બોલિયા તને
સાંભરે રે,
હાજી બાલપણાની પ્રીત મને કેમ વિસરે
રે."

શ્રીકૃષ્ણે સુદામાને માર્ગદર્શન આપતા કહ્યું, "સમાજ કોઈ કાળે ખરાબ હોતો નથી. સાચી વસ્તુ માટે રસ ધરાવનારા લોકો સર્વકાળે હોય જ છે. માત્ર તેમને સારી અને સાચી વાતની ખબર પડવી જોઈએ. તારા શૈક્ષણિક પ્રયોગોથી સમાજ અનભિજ્ઞ છે. તેથી તું જેમ જ્ઞાનદાનનું કામ આશ્રમમાં કરે છે તેમ સદ્વિચાર અને સત્સંગનો પ્રચાર સમાજમાં પણ કર. તારા વિચારોથી વાકેફ થયા પછી સમાજ તને વણમાગી સહાય આપવામાં પાછો પડશે નહીં."

સુદામાએ તે પ્રમાણે કર્યું. સુદામાના દૈવી વિચારો અને શ્રીકૃષ્ણ પ્રત્યેનું અખંડ સ્મરણ જોઈ લોકો ખૂબ જ પ્રભાવિત થયા. પરિણામે દાનની અવિરત ગંગા સુદામાના આશ્રમમાં વહેવા વાગી. સુદામાની ઝુંપડી સોનાની સુદામાપુરી બની ગઈ. સજ્જનો ! આ છે અખંડ ધારા એ શ્રીહરિનું સ્મરણ કરી ધન્ય થવાનો એક અમૂલ્ય અવસર.

પવિત્ર ધનુર્માસના દિવસોમાં આપણે પણ અખંડ ધૂન, કથા-કીર્તન દ્વારા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવી આપણા ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધન્યવાદની સાથે સાથે શ્રી નરનારાયણદેવના ચરણકમળનું નિત્ય દર્શન અને સેવન કરી ધન્યતા પ્રાપ્ત કરીએ એજ સાચા અર્થમાં ધનુર્માસની ધૂનનો ધબકાર સાર્થક થશે.

મકરસંક્રાન્તિ

- સાધુ જયેન્દ્રપ્રસાદદાસ
ગુરુ ગોવિંદપ્રસાદદાસજી
(શ્રી સ્વા. સંસ્કૃત વિદ્યાલય, જેતલપુર)

આપણા ભારતીય લોકો એટલે "ઉત્સવ પ્રિયા બના" ભારતીય લોકોને ઉત્સવ ખૂબ જ ગમે. કારણ કે રોજીંદા જીવનમાંથી અલ્પકાલીન મુક્તિ આપે છે. વ્યવાહરિક બોજા નીચે દબાયેલો માનવ ઉત્સવના દિવસે થોડો મુક્ત થાય છે. આપણા ઘરે ક્યારેક આવતો માનવ જેમ આપણને આવકાર્ય લાગે છે. તેમ ક્યારેક આવતા ઉત્સવો આપણને અતિ પ્રિય લાગે છે. ઉત્સવની પાછળ રહેલા ભાવ રહસ્યોને સમજીને ઉત્સવ ઉજવવામાં આવે છે. પણ ઉત્સવ કોને કહેવાય ? ઉત્સવ શબ્દ ઉદ્ + સુ ધાતુમાંથી બન્યો છે. ઉત્સવ એટલે ઉર્ધ્વ જન્મ કરાવે.

जन्मना जायते शूद्रो संस्कारात् द्विज उच्यते ।

સાંસ્કૃતિક ઉત્સવોની સાંસ્કારિક ઉજવણી માણસને દ્વિજત્વ બક્ષે છે. ૧૪ જાન્યુઆરી એટલે કે મકરસંક્રાન્તિ. મકરસંક્રાન્તિ એટલે પોષ મહિનાનો સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે તેને મકરસંક્રાન્તિ કહેવાય. સૂર્ય અને પૃથ્વી આસપાસની પરિભ્રમણ દિશા બદલે અને સહેજ ઉત્તર તરફ ખસતો જાય છે એટલે તેને ઉત્તરાયણ પણ કહેવામાં આવે છે. સૂર્યના સંક્રમણની સાથે-સાથે આપણા જીવનનું સંક્રમણ પણ સંકળાયેલું છે.

આપણા ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે

तमसो मा ज्योतिर्गमय

અર્થાત્ અંધકારમાંથી પ્રકાશ તરફ પ્રયાણ કરવાની વૈદિક પ્રાર્થના. ઊંડાઅંધારેથી પરમ સત્યે તું લઈજા. મકરસંક્રાન્તિ એટલે અંધકાર ઉપર પ્રકાશનો વિજય. માનવીનું જીવન પણ અંધકાર અને પ્રકાશથી ઘેરાયેલું છે. માનવ જીવનમાં રહેલા અજ્ઞાન, વહેમ, અંધશ્રધ્ધા, જડતા, કુસંસ્કાર વગેરે અવગુણોને જીવનમાંથી હટાવવા તેને જ સાચી સંક્રાંન્તિ ગણાય છે.

સંક્રાન્તિ એટલે શું ?

- સમ્યક્‌ક્રાન્તિ
- સંગક્રાન્તિ
- સંઘક્રાન્તિ

સમ્યક્‌ક્રાન્તિ : માનવીએ મનમાં રહેલા ખરાબ સંકલ્પો દૂર કરી સારા સંકલ્પો કરવા જોઈએ.

સંગક્રાન્તિ : માણસે આ દિવસે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ઈત્યાદિ વિકારોની અસરમાંથી શક્ય તેટલા બધા જ સંગનો ત્યાગ કરી અને

संग सर्वात्मना हेय सचेत् त्यक्तुं न शक्यते ।
ससद्भिः सह कर्तव्यो साधु संगो हि भेषजम ॥

સજ્જન પુરુષોનો સંગ કરવો એજ આપણા જીવનનું ખરું ઔષધ છે. કુસંગથી માણસનું પતન થાય છે. અનંત ગુણોથી અલંકૃત કર્ણ ને ધૃતરાષ્ટ્ર, શકુનિ, દુર્યોધન, દુઃશાસન આ ચાર ચાંડાળ ચોકડીનો સંગ થયો એટલે અધોગતિને પામ્યો. માટે ઉત્તરોતર આપણે મહાન પુરુષનો સંગ કરતા રહેવું જોઈએ. એજ સાચી સંગક્રાન્તિ છે.

સંઘક્રાન્તિ : કોઈપણ કાર્ય કરવું હોય તો સંગઠનની જરૂરિયાત રહે છે. संघेशक्ति कलौयुगे સંઘમાં વિશિષ્ટ શક્તિ નિર્માણ થાય છે. આ વિશાળ વિશ્વની અંદર કોઈ પણ કામ કરવા માટે એકલો માણસ અપુરતો છે. માટે તેને સંઘની જરૂરિયાત પડે છે. એક કવિએ ખૂબ સરસ કહ્યું છે,

બહુજન મળી જે કરે તે એકે નવ થાય,
સાવરણી ઘર સજ્જ કરે, સળી એકે શું થાય ?

સંઘની અંદર વિશિષ્ટ શક્તિ હોવાને કારણે અશક્ય કાર્ય પણ શક્ય બની જાય છે. સંઘમાં ભેગા થયેલા લોકોના સંબંધો સ્નેહપૂર્ણ અને મધુર રહેવા જોઈએ. આ વાતની સ્મૃતિ તરીકે સંક્રાન્તિના દિવસે તલ ગોળના લાડુ આપવામાં આવે છે. તલમાં સ્નિગ્ધતા છે. રૂક્ષ થયેલા આપણાં સંબંધોમાં તલ સ્નિગ્ધતાં લાવી શકશે અને ગોળની મીઠાશ મનની કડવાશને દૂર કરશે. સગા સંબંધીઓ, મિત્રો પાડોશીઓ કે અન્ય સ્નેહીજનો સાથે કોઈ કારણસર વિખવાદ થયો હોય, મતભેદ હોઈ શકે પણ મનભેદ થયો હોય ત્યારે સમાજની વચ્ચે રહીને પણ એકલવાયુ લાગે છે.

મને દૂરપણુ ચાલે નિકટતાનું
ભરી ભીડ મહી લાગે એકલવાયું.

આ ઉત્સવ નિમિત્તે સ્નેહીઓને ત્યાં જઈ તલના લાડુ આપી જૂના મન ભેદ દૂર કરી, વિખવાદ ટાળી સ્નેહીઓ સાથે પુનઃ સંબંધ બાંધવા જોઈએ. તલના લાડુમાં પૈસા મુકી ગુપ્ત દાનનો મહિમા છે. અને પતંગનો તો ખૂબ જ મહિમાછે. આ દિવસે શ્રીમંતો, સત્તાધીશો, વિદ્વાનો ગરીબો બધા જ પતંગ ઉડાવે છે. પણ પતંગની મસ્તી અને હસ્તિ ત્યાં સુધી જ છે જ્યાં સુધી તેની દોરી સૂત્રધારનાં હાથમાં છે. જો દોરી છૂટી જાય તો ક્યાંક વિજળીના તારમાં કે ઝાડ ઉપર તૂટીને વિકૃત બની જાય છે. એવી રીતે આપણી જીવન દોરી પણ પ્રભુના હાથમાં છે. જ્યારે એના હાથમાંથી છૂટી જાય ત્યારે આપણી હાલત અતિ ખરાબ થાય છે. માટે પ્રભુને પ્રાર્થના કરવાની કે જેવો પતંગને દોરી પકડનાર ઉપર વિશ્વાસ છે એવો વિશ્વાસ અમને તમારી ઉપર રહે.

ભગવાનની કૃપાથી રાગરાગીણીઓને મૂર્તિમંત કરતા

દેવાનંદ સ્વામી

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

શ્રીહરિની અવતાર લીલા સમયે અષ્ટ મહાકવિઓમાં દેવાનંદ સ્વામીનું નામ સમાવિષ્ટ છે. વિ.સં. ૧૮૫૯માં કારતક સુદ-૧૫ ના રોજ ભાલ પંથકના બળોલ ગામે તેમનો જન્મ થયેલો. માતાનું નામ બેનજીબા અને પિતાનું નામ જીજીભાઈ. તેઓ રત્નુશાખાના મારૂત ગઢવી હતા. તેમનું નામ દેવીદાન પાડ્યું હતું. તેઓ બાલ્યાવસ્થાથી જ પૂર્વના મુક્ત હોઈ ભગવાન ભજતા. તેમના હૃદયમાં ભક્તિભાવ હતો. તેમના પિતાશ્રી ભગવાન શિવજીના ઉપાસક હતા. તે સંસ્કાર દેવીદાન પર પડતા દેવીદાન પણ શંકરના ભક્ત બન્યા. બળોલગામથી ૧૦ કિલોમીટરના અંતરે આવેલા સાંકળેશ્વર મહાદેવના મંદિરમાં જીજીભાઈ ત્યાં પૂજન-અર્ચન કરતા. તેમની સાથે બાળક દેવીદાન પણ પૂજા કરવા દરરોજ જતા.

એક સમયે પિતાશ્રી બહારગામ ગયેલા ત્યારે તેઓ આ શિવમંદિરમાં પૂજન કરવા આવ્યા ત્યારે દેવીદાનને સંકલ્પ થયો કે આ ભોળાનાથ મારી પૂજા પ્રત્યક્ષ સ્વીકારે કે નહિ ? અત્યંત ભાવથી ભોળાનાથની પૂજા કરી ત્યાંતો શિવજી પ્રગટ થયા. દેવીદાનજી તો પ્રગટ પ્રત્યક્ષ શિવજીના દર્શન કરી કૃતાર્થ થઈ ગયા. બે હાથ જોડી પોતાના આત્યંતિક કલ્યાણ અર્થે પ્રાર્થના કરી. મહાદેવજીએ પ્રસન્ન વદને કહ્યું, "પરબ્રહ્મ પરમાત્માશ્રી સ્વામિનારાયણ



ભગવાન હાલમાં આ ધરતી પર વિચરે છે એ તમારે ગામ પધારશે અને તેમની જીભ કોણીએ અડશે. આ નિશાની જોઈ તમે એમનું શરણ સ્વીકારજો. તમે મહા કવિ તરીકે પ્રસિધ્ધ થશો. અને શ્રીસ્વામિનારાયણ ભગવાનની તમારા પર ખૂબજ કૃપા થશે.

જેતલપુરમાં યજ્ઞ કર્યા બાદ શ્રી સ્વામિનારાયણ ભગવાન ગામોગામ વિચરણ કરતા કરતા બળોલ (ભાલ) પધાર્યા. આખું ગામ તેઓશ્રીના દર્શને ઉમટ્યું. પ્રભુને જમાડવા માટે અત્રે રોકાઈ જવા સૌએ ખૂબજ આગ્રહ કર્યો. આ સમયે દેવીદાન પણ આવી પહોંચ્યા. ત્યાં તો રૈયા ખટાણે થુલી અને દૂધની તાંસળી ભરીને મહારાજની સમીપે મૂક્યા. ભગવાન શ્રીહરિ એ સમયે ગાડામાં બેઠેલા. બેઠા બેઠાંજ શ્રીજી મહારાજે દૂધ એવી રીતે પી જઈને ચેષ્ટા કરી કે દૂધના રેલા કોણી પર ઉતરવા લાગ્યા અને ભગવાન ચાટવા લાગ્યા. દેવીદાનને મહાદેવજીએ કહેલું તેનું સ્મરણ થતાં જ ભગવાનનો દૃઢ નિશ્ચય થઈ ગયો. તરત જ મહારાજને કહેવા લાગ્યા. હે ભગવાન ! મને આપશ્રીની સેવામાં રાખો. શ્રીહરિ કહે, "અમે તમોને લેવાજ આવ્યા છીએ." પોતાની સાથે લઈ જઈ દેવીદાનને બ્રહ્માનંદ સ્વામીને સોંપી ભાગવતી દીક્ષા આપી તેમનું નામ દેવાનંદ પાડ્યું. બ્રહ્માનંદ સ્વામીએ તેમને કાવ્ય સર્જનમાં નિપુણ બનાવ્યા. ગુરૂકૃપા તથા શ્રીહરિકૃપાથી સિધ્ધ કવિ બની ગયા. જ્યારે જ્યારે દેવાનંદ સ્વામી રાગ રાગીણીઓ છેડતા ત્યારે શ્રોતાઓ સ્તબ્ધ થઈ જતા અને રાગ-રાગણી મૂર્તિમાન થઈ જતા.

શ્રી નરનારાયણદેવની જ્યારે પ્રાણ પ્રતિષ્ઠા અમદાવાદના કાળુપુરના મંદિરમાં શ્રીહરિએ કરી ત્યારે દેવાનંદ સ્વામીએ સભામાં વાજીંત્રો સહિત કીર્તનો રજુ કરી સર્વના દિલ જીતી લીધા હતા. ગાયકવાડ સરકારના ગવૈયાઓને પણ વડોદરામાં કીર્તનો સંભળાવી મંત્ર મુગ્ધ બનાવેલા. સૂરતના અરદેશરજી કોટવાલને પણ સંગીત ખૂબજ પ્રિય હતું. તેઓ પણ દેવાનંદ સ્વામીના ભજનો સાંભળી પ્રભાવિત થઈ ગયા. આવુંજ ધરમપુરના રાજ

(અનુ. પેઈજ પર ૧૦)

હવે તો કંઈક વિચારો !!!

- શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનાં વચનો છે કે આ અમારા પધરાવેલાં શ્રી નરનારાયણદેવ આદિક સ્વરૂપોમાં અમો સદાય પ્રગટ પ્રત્યક્ષ પ્રમાણ બિરાજીએ છીએ. જે કોઈ ભક્તો ભાવથી શ્રધ્ધાથી ભગવાનનાં દર્શન કરે, સેવા કરે, થાળ જમાડે, જે કાંઈ વસ્તુ અર્પણ કરે તેનો ભગવાન આ સ્વરૂપો દ્વારા પ્રત્યક્ષ પણે સ્વીકાર કરે છે. જે ભક્તો શ્રધ્ધાથી પ્રાર્થના કરે તેને સાંભળે છે અને તેના દુઃખ દૂર કરે છે.

તો વહાલા ભક્તજનો ! તમે સ્વામિનારાયણ ભગવાનને આ સ્વરૂપોમાં સદા પ્રગટ પ્રત્યક્ષ પ્રમાણ બિરાજમાન છે એમ માનો છો કે પછી દેહ મૂકીને ધામમાં ચાલ્યા ગયા છે એમ માનો છો ? આ બે માંથી તમે કઈ વાતને સ્વીકારશો ? ખાત્રી છે કે તમે પહેલી વાતને જ સ્વીકારશો કે ભગવાન પ્રત્યક્ષ પ્રમાણ હાજરા હજુર છે. જો એમજ માનતા હો તો ભગવાનનું શ્રાધ્ધ કરવું તમને યોગ્ય લાગે છે ?

જો સ્વામિનારાયણ ભગવાનનું શ્રાધ્ધ તમે કરતા હો તો તમે ભગવાનને મૃત્યુ પામેલા સમજો છો. એમ માનજો અને એનાથી મોટો દ્રોહ ભગવાનનો બીજો કોઈ નથી. શ્રીજી મહારાજનું પ્રાકૃત મનુષ્યની માફક શ્રાધ્ધ કરે એ તો ભગવાનનો રાજીપો નહિ પણ જાણે અજાણે કુરાજીપો જ મેળવે છે.

એકબાજુ આપણે ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરિ સર્વાવતારી સાક્ષાત્ સદા પ્રગટ સદા પ્રત્યક્ષ પરમાત્મા માનીએ છીએ અને બીજી બાજુ મૃત્યુ પામેલા પિતૃઓની પંક્તિમાં ગણીને તેમનું શ્રાધ્ધ કરીએ છીએ એ સહેજ પણ યોગ્ય લાગતું નથી. આ તે કેવું ! ક્યાંય ધાર્મિક જગતમાં જોવા ન મળે તેવું !!! આને શ્રધ્ધા કહેવી કે પછી અંધશ્રધ્ધા ? વિચાર્યા વગર પોતાના જ ઈષ્ટદેવનું ગૌરવ આશ્રિતો દ્વારા જ નિમ્ન કક્ષાએ લઈ જવાતું હોય એને ભૂલ સમજવી કે અપરાધ એ તો ભગવાન જ જાણે.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત જનો માટે કોઈ વાતની કચાસ રાખી નથી. યુગોના યુગો સુધી ચાલ્યા કરે એવી સુંદર વર્તવાની રીતિ અને આજ્ઞાઓ, નિતિ-નિયમો સંપ્રદાયના ધર્મગ્રંથોમાં આલેખી આપ્યા છે એમાં ક્યાંય ઈષ્ટદેવનું શ્રાધ્ધ કરવાની આજ્ઞા કરી નથી. પ્રભુના અંતર્ધ્યાન થયા પછી પણ આ સંપ્રદાયની પરંપરા સુંદર રીતે ચાલે એની ભગવાને ચિંતા કરી છે. તો પછી જો શ્રાધ્ધ કરાવવું હોય તો ક્યાંક સહેજ તો ભગવાને ટકોર કરી હોત ! પણ એવું ક્યાંય કહ્યું નથી. તો પછી આ ઈષ્ટદેવના શ્રાધ્ધનું ક્યા આધારે અને ક્યારથી શરૂ થયું તે સંશોધનનો વિષય છે. અને આ અયોગ્ય વાત માટે આવો ખોટો ઉત્સાહ ક્યાંથી આવી ગયો હશે ? અને જો ઉત્સવો ઉજવવાનો ઉત્સાહ હોય તો એને માટે ભગવાને આપણને ઘણી બધી તકો અને પ્રસંગો આપ્યા છે. પણ સ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષ પણાના ભોગે આ શ્રાધ્ધ કરવું એ તમને યોગ્ય લાગે છે ?

હિન્દુ ધર્મના અનેક સંપ્રદાયો છે અને એમના આશ્રિતો પોતાની રીતે ઈશ્વર અવતારોનું ભજન-પૂજન કરતા હોય છે. ઉત્સવો ઉજવતા હોય છે. એમાં પણ ક્યાંય એવું જાણ્યું સાંભળ્યું નથી કે કોઈ ભગવાન શ્રીરામજીનું શ્રાધ્ધ કરતા હોય ? તેમજ દ્વારીકાધીશ શ્રીકૃષ્ણ પ્રભુનું શ્રાધ્ધ કોઈ વૈષ્ણવો ઉજવતા હોય એવું ક્યાંય જોયું ? સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીનાં શ્લોક ૮૨ માં વિઠ્ઠલનાથજીએ કરેલા વ્રત-ઉત્સવના નિર્ણયને, સેવા રીતિને માન્ય રાખી છે તો વિઠ્ઠલનાથજીએ ક્યાંય પણ ભગવાનનું શ્રાધ્ધ કરવાનો ઉલ્લેખ કર્યો નથી. તો ફક્ત આપણા જ સંપ્રદાયમાં શ્રધ્ધાની દૃષ્ટિએ કે બૌધિક દ્રષ્ટિએ એકપણ રીતે શોભે નહિ તેવું આ ભગવાનનું શ્રાધ્ધ કરવાનું ક્યારથી શરૂ થયું તે ખબર પડતી નથી.

શ્રીહરિની મરજી એ જ જેમનું જીવન એવા શ્રીહરિની સાથે રહેલા, ગોપાળાનંદ સ્વામી આદિક નંદ સંતો પૈકી ઘણા બધા નંદ સંતો શ્રીહરિના અંતર્ધ્યાન થયા પછી ઘણા વર્ષો આ ધરતી ઉપર રહેલા અને એ સમય દરમ્યાન ઘણાં સાહિત્યો રચાયાં છે એમાં પણ ક્યાંય એ સંતો એ પ્રભુનું શ્રાધ્ધ કર્યુ હોય કે શ્રાધ્ધ કરવાનો ઉલ્લેખ કર્યો હોય એવું ક્યાંય જોવા જાણવા મળ્યું નથી. તો આપણે પણ એ જ પરંપરાના છીએ. એનું ગૌરવ સમજીને આ ખોટા રિવાજનો ત્યાગ કરીશું તો આપણો સાચો નિશ્ચય અને સાચી નિષ્ઠા દીપી ઉઠશે.

અને વળી આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને સ્વયં

(અનુ. પેઈજ પર ૧૦)

સર્વોપરિ શ્રીહરિના સ્વરૂપમાં દૃઢ નિશ્ચય

- પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)

શ્રીહરિના દિવ્યાતિ દિવ્ય સ્વરૂપમાં ધ્યાનમગ્ન બની, શ્રીહરિની આજ્ઞા પ્રમાણે દરરોજ સૂર્ય ઉગ્યાથી પ્રથમ જ જાગી, સ.ગુ. મુક્તાનંદ સ્વામીનો ઉપદેશ

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું
જે થકી સર્વ સંતાપ નાસે,
કોટી રવિચંદ્રની કાંતિ ઝાંખી કરે
એવા તારા ઉર વિષે નાથ ભાસે.. ધ્યાન..
ગ્રહણ કરી રોજ
"સુખદાયક રે સ્વામી સહજાનંદ,
પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ,
જેનું સ્વામિનારાયણ નામ છે
જેને ભજને રે પામે ભવજળ પાર"
.....પ્રગટ

એ વાતનું પાકું જ્ઞાન એટલે પ્રગટ પરબ્રહ્મ પરમાત્મા તો એક શ્રીહરિ ધર્મભક્તિના બાળ શ્રી ઘનશ્યામ રૂપધારી છપૈયાપુરે અગણિત બાલચરિત્રો કરી આપણું અજ્ઞાન હરવા કેવું લૌકિક છતાં દિવ્ય બાલચરિત્ર કરે છે. તો સ.ગુ. ભૂમાનંદ સ્વામીના શબ્દોમાં ભાગવત, શ્રીરામચરિત્ર, ધર્મશાસ્ત્ર આદિ જે પવિત્ર, પુરુષોત્તમ કરી પ્રીત, બે ટાણા જાય સુણવા નિત્ય. કોઈ સમે નિશા પડી જાય, ઘેર પધારતા મોડું થાય, મોટાભાઈ ના પાડી કહે છે, સારા માટે શિખામણ દે છે, મારી વાત સુણો ઘનશ્યામ, તમે મોડું ન કરો એ કામ, નિશા સમે જાવું નહિ તમારે, કથા સાંભળવા કોઈ વારે. એવું સુણી કહે ઘનશ્યામ, બોલો છો તમે શું બલરામ, આવે એક બેઉ વિધન, તેને કોણ ગોખે છે રે મન, સામટાં વિધન આવે જો



કોટિ, પણ કથા કરું નહિ ખોટી, કથા વિના તો કેમ રેવાય, દિન રાત્રિ કેવી રીતે જાય. એટલે ગ્રામવાર્તાઓ છોડી શ્રીહરિના ચરિત્રો-દર્શાવતાં સત્સંગિ જીવન, સત્સંગિ ભૂષણ, વચનામૃત, શિક્ષાપત્રી, શ્રીહરિ ચરિત્રામૃત સાગર, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, અદ્‌ભૂતાનંદસ્વામીની વાતો, ગોપાળાનંદ સ્વામીની વાતો, નિર્ગુણાનંદ સ્વામી કે પ્રસાદાનંદ સ્વામી કે માધવાનંદ સ્વામીની વાતો - શ્રીમદ્‌ ભાગવત ગીતા - ભાગવત આદિનું અને બ્રહ્માનંદ, પ્રેમાનંદ અને મુક્તાનંદ સ્વામીનાં રચેલાં પદોનું રોજ સેવન કરવાનું - "નિયમ" લેવું.

આ સર્વે વાતોનો સ્વીકાર કરી આનંદ સાથે ઈશ્વરની ભક્તિ કરવાનો, નમન કરવાનો, ઈશ્વરીય ગુણોનું ચિંતન કરવાનો અને શ્રીહરિના ગુણોને પોતાનામાં ધારણ કરવાના હેતુથી ધર્મ સાથે શ્રીહરિએ અન્નકૂટોત્સવ જોડ્યો છે. તેમાં જ તેમનું દિવ્યાતિદિવ્ય સ્વરુપનું દર્શન થાય છે. એટલે વિદ્યયા અમૃતં અશ્નુતે - આત્મવિદ્યાથી અમરતા મોક્ષ પ્રાપ્ત થશે. એ અંતિમ સાધ્ય છે. એ અંતિમ સાધ્ય મનુષ્યે પ્રાપ્ત કરવાનું છે પણ એની સાથે સૃષ્ટિનું વિજ્ઞાન મનુષ્યે પોતાની ઉન્નતિ માટે પ્રાપ્ત કરવાનું છે. જેથી તેનું લૌકિક જીવન પણ સુખમય બને છે.

ये विद्यां चाविद्या च तत् उभयं सह वेद ।
अविद्ययां मृत्युं तीर्त्वा विद्यया अमृतं अश्नुते ॥
(ઈશોપનિષદ શ્લોક ૧૧)

જે આત્મજ્ઞાન તથા પ્રાકૃતિક વિજ્ઞાન (વિદ્યા અને અવિદ્યા) એ બન્નેને એકત્ર જાણે છે તે પ્રકૃતિ વિજ્ઞાનથી મૃત્યુને દૂર કરીને આત્મજ્ઞાનથી અમરત્વ પ્રાપ્ત કરે છે.

ટૂંકમાં મનુષ્યમાં જે કુટિલતા, અદેખાઈ, વક્રતા, દ્વેષ, ઈર્ષ્યા આદિ દોષો છે તેને પ્રયત્ન પૂર્વક દૂર કરવા આધ્યાત્મિક જ્ઞાનનો ભૌતિક સુખ સામગ્રી સાથે સહયોગ કરી અલૌકિક શ્રીહરિના દિવ્યાતિદિવ્ય સ્વરૂપનાં દર્શન સારું લૌકિક સુખ પ્રાપ્તિનો ઉત્સવ શ્રીહરિએ યોજ્યો છે. એટલે ધર્મના ઉપદેશ સારું "ઉત્સવ" સૌને આમંત્રે છે. અને ધનાદિ ઐશ્વર્ય પ્રાપ્ત થવું જોઈએ પણ તેનો સદુપયોગ દાન પરોપકાર અને જનકલ્યાણાર્થે દરિદ્રનારાયણની સેવામાં થવો જોઈએ.

ઈશ્વર સૌનો પોષક, અદ્વિતીય જ્ઞાની, સૌનો નિયામક, તેજસ્વી સ્વરુપ, સહુનો

પાલક છે. જેનું એક તેજોમય બાહ્ય દશ્ય સ્વરૂપ અને બીજું આંતરિક કલ્યાણમય આનંદ સ્વરૂપ છે. જે શ્રીહરિનાં બન્ને સ્વરૂપના દર્શન એટલે અવતાર અને અવતારીના સ્વરૂપનાં દર્શન - આદરજ ગામની ભાગોળે તળાવને તીર જાંબુડાના વૃક્ષ નીચે ગાડા પર શ્વેતાંબર ધારી શ્રીહરિકૃષ્ણનાં દર્શન જે બાહ્ય તેજોમય દિવ્ય મનુષ્ય ચરિત્રનું દર્શન છે અને રતુખાંટના આગ્રહને વશ થઈ અન્નકૂટોત્સવનો ભવ્ય ઉત્સવ મનાવી અનંત સ્વરૂપે સૌના દિલમાં દિવ્ય સુખનું સિંચન કર્યું. બીજું આંતરિક કલ્યાણમય દિવ્યાતિદિવ્ય શ્રીહરિનું સ્વરૂપ છે. "એ રસના ચાખણહાર છાશ ન પીએ રે લોલ." એ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીની રહસ્યમય વાત સમજી સત્સંગ કરી લેવો. અવિદ્યાનાં મૂળ કાપવા હિંદુ ધર્મના પાયાના સિધ્ધાંતો પર વહેમ, જૂઠા કર્મકાંડ અને હિંસક યજ્ઞો તથા જુટ્ટી માન્યતાઓનું મલીન આવરણ વ્યાપવાથી દુરાચાર, ભ્રષ્ટાચાર, વિખવાદ, ધર્મના નામે ધતિંગ - "કરની તજી કથની કથી" સ્વાર્થી સાધુના વેશમાં અસાધુ બની જગતને કોરી ખાનારા અસુરોનો નાશ કરવા. એટલે સ.ગુ. ભૂમાનંદ સ્વામીના શબ્દોમાં -

"આદિત્ય સમ ઉદય થયા
સૂરજ સહજાનંદ
અજ્ઞાન તિમિર ટાળવા લઈ
મુનિઓના વૃંદ"

સમસ્ત આશ્રિતજનોએ આ વાતને સમજી જીવમાં ઉતારી ધર્મકુળ આશ્રિત બનીને જીવનનું શ્રેય-કલ્યાણ સાધી લેવું. તેજ આ મહાન મનુષ્ય જન્મનો ખરો હેતુ છે.

અનુ. પેઈજ ૭નું.... ## ભગવાનની કૃપાથી રાગરાગીણીઓને મૂર્તિમંત કરતા દેવાનંદ સ્વામી

દરબારમાં શ્રીહરિની આજ્ઞાથી તેઓએ ગાવણું કરતાની સાથે જ રાજ્યના ગવૈયાઓ તેમના પગે પડી ગયા. બ્રહ્માનંદસ્વામી મૂળીમાં સ્વધામ સિધાવ્યા બાદ દેવાનંદસ્વામી મૂળી મંદિરના મહંત બન્યા. આજીવન તેમણે રાધાકૃષ્ણદેવની સેવા કરી. દેવાનંદ સ્વામી તો કવિ દલપતરામના કાવ્ય ગુરુ હતા. સ્વામીના પદો એવી ભાવવાહી સરળ શૈલીમાં છે કે તે હૃદય સોંસરા ઉતરી જાય. (જે કીર્તનોની ઓડીયો સીડી કેસેટ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં પસંદ કરીને પ્રકાશીત કરાવી છે. જે અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્રમાં ઉપલબ્ધ છે.)

દાદાખાચર એક વખત જીવુબા-લાડુબા સાથે મૂળી દર્શનાર્થે આવ્યા. તેમણે સંતોને રસોઈ આપી. દેવાનંદ સ્વામી આદિ સંતોને જાણે શ્રીહરિ સ્વયં પકવાન પીરસી રહ્યા હોય તેવા અદ્‌ભૂત દર્શન દાદાખાચરને થયા. મયારામ ભટ્ટના માતુશ્રી જ્યારે ધામમાં જવાના હતા ત્યારે મયારામ ભટ્ટને બોલાવીને કહ્યું કે, "હવે મારો દેહ રહેશે નહિ મને મહારાજે કહ્યું છે કે મૂળી મંદિર અમને બહુ જ પ્રિય છે. ત્યાં હરિકૃષ્ણની મૂર્તિમાં હું અખંડ વિરાજમાન છું. માટે હું ધામમાં જઉં પછી મૂળી મંદિરમાં ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ જરૂર આપજો." માતુશ્રીના ધામમાં ગયા બાદ તેમણે મૂળીમાં રસોઈ આપેલી.

વિ.સં. ૧૯૧૦ શ્રાવણ વદ-૯ના દિવસે એક દરજી હરિભક્તને બોલાવી દેવાનંદ સ્વામીએ પોતાને આવતી કાલે ધામમાં જવાનું હોવાથી એક વિમાન તૈયાર કરાવી રાખવા કહેલું, દરજીએ કહ્યું, "આપતો સાજા સારા છો." સ્વામી કહે, "કાલે તારા ઘરના ઉંબરા પાસે કંકુના પાંચ પગલાં દેખાય તો સમજજે કે હું ધામમાં ગયેલો છું. બીજા દિવસે એમજ બન્યું. દરજી ભક્ત દોડીને મંદિર પહોંચ્યા ત્યાં તો દેવાનંદ સ્વામી અક્ષરધામ સિધાવી ગયેલા. મૂળીમાં ભોગાવાના કાંઠે તેમની છત્રી છે.

અનુ. પેઈજ ૮નું.... ## હવે તો કંઈક વિચારો !!!

શિક્ષાપત્રી શ્લોક ૧૩૮ માં શ્રાધ્ધને પિતૃકર્મમાં ગણાવ્યું છે.

"અને શ્રાધાદિક જે પિતૃકર્મ તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથા વિધિ જેમ ઘટે તેમ કરવું."

તો શું સ્વામિનારાયણ ભગવાનને શ્રાધ્ધ કરવાવાળા સામાન્ય પિતૃ જેવા જ માનતા હશેને !!! આવી માન્યતા પરમાત્માનો મોટો અપરાધ છે. એને વહેલી તકે આવો અપરાધ ન કરવા વિચારવું જોઈએ.

વહાલા સમજુ સુજ્ઞ ભક્તજનો ! સદ્‌ભાવ અને સ્નેહભાવથી લખાયેલો આ લેખ ખૂબજ શાંતિથી સમજણ પૂર્વક ઉંડાણથી વિચારીને વાંચજો અને જો આ વાત તમને યોગ્ય લાગી હોય તો ભગવાનનું શ્રાધ્ધ થતું હોય એવું ક્યાંય જાણવા મળે તો આ સાચી વાતનો પ્રચાર કરજો તો સ્વામિનારાયણ ભગવાન જરૂર પ્રસન્ન થશે.

"પ્રતિષ્ઠાપિત મૂર્તિમાં ભગવાન" "આચાર્યશ્રીમાં ભગવાન"

- પ્રહલાદભાઇ વિ. પટેલ (ન્યુજર્શી)

"ધર્મવંશી આચાર્ય જ માંય રે,
સદા રહ્યો છું મારી ઈચ્છાયે રે,
અમે એમાં એ છે અમ માંઈ રે,
એમ સમજો સહુ બાઈ ભાઈ રે"
"કૃષ્ણમૂર્તિ આચાર્યે જે આપી રે,
અથવા તેણે હસ્તે કરી સ્થાપી રે
કરો એ બે સ્વરૂપની સેવા રે,
બીજે નમસ્કાર કરી લેવા રે."

- નિષ્કુળાનંદ કાવ્ય

"નોતી દીઠી, નોતી સાંભળી રે,
પ્રગટાવી એવી પુનિત પુરુષોત્તમ પ્રગટી રે" સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવના મોક્ષ માટે અનોખી પ્રણાલિકા સ્થાપી છે. ધર્મકુળમાંથી અમદાવાદ-વડતાલ ગાદી ઉપર સ્થાપિત આચાર્યમાં સદા પ્રગટ રહીને તેમના દ્વારા પ્રતિષ્ઠા થયેલ મંદિરોની મૂર્તિમાં સાક્ષાત્ રહેવાનું શ્રીજી મહારાજે વચન આપ્યું છે.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા અમેરિકામાં સર્વ પ્રથમ સં. ૧૯૮૧ માં પ્રહલાદભાઈ વિ. પટેલ (કરજીસણવાળા), ન્યુજર્શીમાં, તેમને નિવાસ સ્થાને બેજમેન્ટમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી હરિમંદિરની સ્થાપના કરી હતી. તેમાંની એક મૂર્તિ પૂ. મહારાજશ્રીએ રાજી થઈને નડિયાદના શ્રી હરિકૃષ્ણભાઈ શાહને આપી હતી. તેમના ઘરે અચાનક શોટ સર્કીટ થતાં બપોરે આગ લાગી હતી. ઘરમાં કોઈ હતું નહિ. આખું ઘર ખાખ થઈ ગયું. પરંતુ સિંહાસનમાં રહેલી



પ્રતિષ્ઠિત એક ચક્ષુનીશ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ એમના એમ સહી સલામત હતી. મૂર્તિની બહારની લાકડાની ફ્રેમ તથા કાચનો ગ્લાસ પણ એમના એમ જ હતા. આખું સિંહાસન બળીને ખાખ થઈ ગયું હતું. આ છે પ્રતિષ્ઠા થયેલ મૂર્તિ, જેના દર્શન આજે પણ થઈ શકે છે. ઘર તો ઈન્સ્યુરન્સ કંપનીએ નવું બનાવી આપ્યું હતું.


એવી જ સિંહાસનની વચ્ચેની "શ્રી સહજાનંદસ્વામી"ની મૂર્તિ પ્રહલાદભાઈને ઘેર છે. જે યુવક મંડળના બાળકો કેમ્પમાં પૂજા માટે લઈ ગયા હતા. સાત દિવસ કેમ્પમાં પૂજા વિધિ કરી. છેલ્લે વિદાય વેળા ટેન્ટ છોડતાં ભગવાનના મુખારવિંદ ઉપર પરસેવો પરસેવો થઈ ગયો. સૌએ પરસેવાનાં બુંદ મૂર્તિમાં ગ્લાસની નીચે પ્રત્યક્ષ દીઠાં, છાંયડે લઈ જતાં તે અદશ્ય થયાં હતાં. આ મૂર્તિ આજે પણ પ્રહલાદભાઈને ઘેર સિંહાસનમાં મોજુદ છે.

પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ યુ.એસ.એ. માં સર્વ પ્રથમ મંદિર, ન્યુજર્શીમાં વિહોકન શહેરમાં સં. ૧૯૮૭ માં સ્થાપ્યું. શ્રી સ્વામિનારાયણ ભગવાનની એક ચક્ષુની મૂર્તિ દિવ્ય અલૌકિક છે. તેમાં આજે પણ મહારાજ પ્રત્યક્ષ વિરાજમાન હોય તેવો ભાસ થાય છે. મૂર્તિ બનાવનાર શ્રી બાબુભાઈ સોની કહે છે કે એ મૂર્તિ ચમત્કારિક છે તેના જેવી બીજી મૂર્તિ બનાવવા મેં કેટલાય પ્રયત્નો કર્યા પણ એવો દિવ્ય ભાવ હજુ આવી શકતો જ નથી. તેવી જ મૂર્તિ, પૂ. મહારાજશ્રીએ કેલીફોર્નિયા નોરવોક સીટીમાં સ્થાપી છે. જેમાં પ્રતિષ્ઠાવિધિ જાહેરમાં કરાઈ હતી. અને સૌના દેખતાં શ્રી હરિકૃષ્ણ મહારાજે જેવી પ્રાણ પ્રતિષ્ઠા વિધિ પતાવી કાનમાં આહ્વાવન મંત્ર બોલાયો કે મહા અભિષેક વખતે મૂર્તિએ રીતસર

પૂ. મહારાજશ્રીનો ખેસ એકદમ પકડી લીધો જે પૂ. મહારાજશ્રીએ પાછા આવીને હાથમાંથી છોડાવ્યો હતો. આ છે પ.પૂ.ધ.ધુ. ધર્મવંશી આચાર્યશ્રી સ્થાપિત પ્રત્યક્ષ મૂર્તિઓનો ચમત્કાર અને સાક્ષાત્કાર.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની દરરોજની સેવામાં રહેલી શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ જે શ્રીજી મહારાજે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને સેવા માટે આપી હતી તે મૂર્તિને લઈને એક વખત ફ્લોરિડામાં પધરામણીથી પાછા વળતાં મોટા પાર્કિંગ લોટમાં ગાડીમાં આગળ પધરાવી. પૂ. મહારાજશ્રી સંતો તથા હરિભક્તો ગયા. પાછા આવીને જોયું તો આશ્ચર્ય ! કારના ચારે દરવાજા ખુલ્લા હતા. ભરચક પાર્કિંગ લોટમાં એટલા બધા માણસોમાં કોઈને તેને ચોરવાનું મન ન થયું કે ન કોઈ સોનાનો દાગીનો ગયો. અમોને પૂ. મહારાજશ્રીએ કહ્યું, "મહારાજને કારમાં ગરમી થઈ હશે તેથી બારણા ખુલ્લા કરીને પવન લેવા બેઠા છે." આ મૂર્તિ આજે પણ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પૂજામાં રહે છે. સાથે વનવિચરણ સમયના શાલીગ્રામ ભગવાન પણ ખરા.

આ છે ધર્મવંશી આચાર્યમાં સદા પ્રગટ હરિનો વાસ અને તેમણે પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓનો ચમત્કાર. કલ્યાણ તો ત્યાં જ છે જ્યાં સદા પ્રગટ ભગવાન વસે છે, બાકી બ્રહ્માજી પણ બૂમો પાડે છે. જગન્નાથપુરીમાં કે મંદિરમાં મને તો મૂર્તિ દેખાતી નથી, ક્યાં છે ભગવાન ? શિવજી કહે જગન્નાથજીની પ્રસાદી-ભાતનો દાણો લે તો દેખાય.




ઘનશ્યામની સેવા

ચાલોને કરીએ સેવા ઘનશ્યામની
ચાલોને કરીએ સેવા.....
એને ધરાઈએ મીઠાઈ ને મેવા, એવા ઘનશ્યામની,
ચાલોને કરીએ સેવા ..... (૧)
નામ છે નાનું ને મહિમા છે મોટો,
અવતારના અવતારી છે એતો.
જેનું સર્વોપરિ અક્ષરધામ છે, એવા ઘનશ્યામની,
ચાલોને કરીએ સેવા ..... (૨)
ભક્તોના હૃદયમાં સદાયે વસતા,
સંતો સદાય જેનું ધ્યાન જ ધરતા,
પ્રગટ્યા પોતે છપૈયાધામ, એવા ઘનશ્યામની,
ચાલોને કરીએ સેવા ..... (૩)
ભવો તે ભવના ફેરા તે ટાળવા,
જન્મ-મરણ, લખ ચોરાશી ભૂલાવવા,
કરીએ ઘનશ્યામને કાલાવાલા, એવા ઘનશ્યામની,
ચાલોને કરીએ સેવા ..... (૪)
બ્રહ્માજી જેવા ભીખારી થઈને,
માછલું થઈ મીઠાઈ માગીને,
કરે સેવા તેને મળે મેવા, એવા ઘનશ્યામની,
ચાલોને કરીએ સેવા ..... (૫)
રંગ મહોલના ઘનશ્યામ રંગીલા,
પ્રત્યક્ષ આવી મારા હૃદયમાં વસીયા,
રહે 'પ્રહલાદ'ના નેણામાં સદા હસતા, એવા ઘનશ્યામની,
ચાલોને કરીએ સેવા ..... (૬)

પ્રહલાદભાઈ વિ. પટેલ (ન્યુજર્શી, યુ.એસ.એ.)

મૂર્તિપૂજાનો મહિમા



નિત્યકર્મમાં સ્નાન અને પ્રાતઃ સ્મરણ પછી આવે-પોતાના ઈષ્ટદેવનું પૂજન. આજ-કાલ "ઘર મંદિર"ની પ્રથા છે. ઘરમાં નાનકડું મંદિર હોય છે. અહીં પૂરતો અવકાશ ન હોય તો કોઈક ગોખલામાં કબાટમાં ખૂણામાં દાદરાની નીચેના ભાગમાં કે કોઈ વાર ભીંત ઉપર એકાદ છબી લટકાવીને પણ ઈશ્વર તરફની આસ્થા લોકો પ્રગટ કરે છે.

મંદિર એટલે મૂર્તિ પૂજા. આ મૂર્તિ પૂજાની બાબતમાં ઘણાએ આપણા ધર્મની ટીકા કરી છે. પણ તેઓ મૂર્તિ પૂજાની વૈજ્ઞાનિકતા સમજી શક્યા નથી. માણસને સુખી કેમ કરવો ? એનો આલોક અને પરલોક બંને કેવી રીતે સુધરે ? આ દરેક ધર્મના મૂળ પ્રશ્નો ઉકલી જાય. માનવીના મનને વશ કરવાનો સ્વસ્થ કરવાનો કે સુખી કરવાનો સરળમાં સરળ ઉપાય હોય તો તે મૂર્તિ પૂજા છે.

મૂર્તિ પૂજાની બાબતમાં પણ આવું જ છે. માણસ સ્નાન કરીને બાહ્ય પવિત્રતા ધારણ કરે છે. પછી સેવાની તૈયારી કરવા માંડે છે. વાસણો એકઠાં કરે. તુલસી-પુષ્પ વગેરે લાવે, ઠાકોરજીની ભોગ સામગ્રી તૈયાર કરે. ચંદન ઘસે, કંકુ પલાળે, વાઘા કાઢે, ઘીનો દીવા તૈયાર કરે. આરતીમાં દીવેટો પૂરી પછી ઠાકોરજીને સ્નાનાલયમાં અહી તરભાણામાં પધરાવે. ઠાકોરજીના વાઘા કાઢે, સ્નાન કરાવે, ચોખ્ખા કપડાથી ઠાકોરજીનું અંગ વહાલથી હળવે હાથે લૂછે. ઠાકોરજીના ભાલે કુમકુમનું તિલક કરે. વાઘા પહેરાવે, આસન ઉપર પધરાવે. ધૂપ-દીપ વગેરે કરે અને આરતી ઉતારે. અને જ્યારે ટી.વી. ઉપર કોઈ સિરિયલ આવે ત્યારે સામાન્ય રીતે મન આમાં રોકાઈ જાય છે. અને તેથી તેનો ભટકવાનો સ્વભાવ આપો આપ કાબૂમાં આવી જાય. આ બધી મનને ગમી જાય તેવી પ્રક્રિયા ને એક્ટિવિટી કહેવાય. આમ મૂર્તિપૂજા મનને ધીરે ધીરે વશ કરવાની સરલતમ પ્રક્રિયા છે. બીજી બાજુ મન હંમેશા કાંઈકને કાંઈક આલંગન શોધતું ફરે છે. આ ઘર કે મંદિરમાં પધરાવેલા ઠાકોરજી આવું અભૂતપૂર્વ આલંગન છે. સુખ-દુઃખમાં એ સાથી બની માનસિક આરામ આપે છે. જ્યારે માનવીનું માનવીય બળ સંપૂર્ણ પણે નિષ્ફળ જાય છે, ત્યારે તે આવી કોઈ અતિ માનવીય બાબતમાં આશરો-આલંગન શોધે છે. અને ઘર મંદિરના ઠાકોરજી એમાં સંપૂર્ણ રીતે સહાય કરે છે. મૂર્તિપૂજા પદ્ધતિ અને તેમાં જ વસ્તુનો ઉપયોગ થાય છે. તેમાં પણ એક પ્રકારનું વિજ્ઞાન છે. પ્રાચીન ભારતમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશને પાંચ મૂળ તત્વો માનવમાં આવ્યા છે. અહીં પૂજામાં આ પાંચે તત્વોનો પ્રયોગ છે. જેમકે ચંદન ધૂપ વગેરે સુગંધિત દ્રવ્યો પૃથ્વીની નિપજ છે. ગંધવતી પૃથ્વી એવી પૃથ્વીની વ્યાખ્યા છે. અને ગંધ ને પૃથ્વીનો ગુણ માનવામાં આવે છે. જળ તો ઠાકોરજીને સ્નાન કરવામાં વપરાય છે. આરતી કે દીપ એ તેજ છે. શંખ ફૂંકતી વખતે હવા ભરવામાં આવે છે. શબ્દ એ આકાશનો ગુણ છે અને તે આરતી કે સ્તોત્રો બોલીએ તેમાં આવી જાય છે. આમ પાંચે મૂળભૂત તત્વો સેવામાં ઈષ્ટદેવને અર્પણ કરવામાં આવે છે. વળી દેહ પણ આ પાંચ તત્વોનો જ બનેલો છે. આમ સમગ્ર વિશ્વનાં પ્રતિકોથી આપણે ઈશ્વરને અહીં મૂર્તિપૂજા દરમિયાન સમર્પિત થઈએ છીએ. અને પછી એ ભૂલાવું ન જોઈએ કે આપણાં ઘર-મંદિરમાં બિરાજેલા નાનકડા ઠાકોરજી એ તો વિશ્વાત્માનું પ્રતિક છે. સવારે એમને સ્નાન કરાવી આરતી ઉતારી અને પછી પૂજાનું બારણું બંધ કરી "લે દેવ ચોખાને મેલ મારો છેડો" જેવી વૃતિ ન રાખીએ. એ વિશ્વત્માના પ્રતિકરૂપ મૂર્તિમાંથી આપણે સમગ્ર વિશ્વમાં પ્રત્યેક તત્વોમાં મારો પ્રભુ વિલસે છે. તે અનુભવવાનું છે. ગીતામાં "वासुदेवः इदं सर्वम्" ની ભાવનાને મૂર્તિમંત કરવામાં મૂર્તિ પૂજા એ પ્રથમ પગથિયું છે.

તો વ્હાલા ભક્તો આપણે પણ મોક્ષનું પગથિયું પાર કરવું હોય તો મૂર્તિ પૂજા કરવી જોઈએ.

- સ્વામી ભક્તિકિશોરદાસ
(શ્રી સ્વા. સંસ્કૃત વિદ્યાલય, જેતલપુર)

શ્રીજી મહારાજની વ્યૂહ રચના

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

શ્રીજીમહારાજની વ્યૂહ રચના જ નિરાળી હતી, તેની શી વાત કરવી ? કોઈવાર પોતાની સાથે બે-ચાર માણસોને લઈને નીકળી પડે, રાતોરાત લાંબી મજલ કાપે ! તો કોઈવાર પોતે એકલા જ સામા પૂર વીંધીને ચાલ્યા જાય, અને કોઈવાર બસો-પાંચસો સંતોનું, પાર્ષદો અને હરિભક્તોનું મંડળ સાથે ફેરવે. વળી, કેટલીકવાર કાઠી દરબારોને હથિયાર લઈને મોટા સૈન્યની જેમ ફેરવે, જ્યાં પડાવ નાખે ત્યાં માનવમહેરામણ ઉમટ્યો જ હોય.

એ અરસામાં અંગ્રેજ અમલદારોએ પણ આ અંતર્યામીની વ્યૂહરચનાની નોંધ લીધી છે. આશ્ચર્યની વાત તો એ છે કે મહારાજની ધર્મસેના જ્યાં ફરે ત્યાં સૌ સાવ નિર્ભય ! સળી સરખી આમથી તેમ થાય નહિ. માથાભારે માણસોની લોકો ફરિયાદ લાવે ત્યારે મહારાજ કોઈ ભેદી ઈલાજ કરે, હથિયાર સાથે રાખેલાં હોય તે વાપરવા સામે જે દૃઢ નિશ્ચય કર્યો હોય તેનું ઉલ્લંઘન કોઈથી થાય નહિ. મહારાજનો શો સંકલ્પ હોય તે કળી શકવું મુશ્કેલ હતું.

મહારાજ સંતમંડળને જવાબદારી વાળાં કામ સોંપી ગામેગામ મોકલતા. મહારાજની આજ્ઞાથી મોટા સંતો સાથે જતા. એકવાર અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, "આ ખેપ નિરાળી માનજો. ત્યાં પહોંચીને જ્યાં મુકામ કરો ત્યાં એટલું જોજો કે તમારી સગવડો સાચવે એવું તો કોઈ નથી ને ? જ્યાં અગવડતા અધિક હોય, એકદમ એકાંત હોય, ત્યાં ઉતારો રાખજો."

તેજીને ટકોરો બસ છે. મુક્તાનંદ સ્વામીએ દરિયાખાનના ઘૂમટની ઉત્તર તરફની જે વનરાજી હતી ત્યાં વૃક્ષો નીચે સંતોને સુવાડેલા, અને ત્યાં જ શ્રીહરિનું નામ લઈને અભયની હવા જમાવેલી.

આવું એક મંડળ મહારાજે સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રાં મોકલ્યું. તત્કાલીન સમાજમાં ઠેર ઠેર ખાખી બાવાઓની જગ્યાઓ હતી. ધ્રાંગધ્રામાં એક ખાખીને 'રામમહોલ' હતો. અહીં મહારાજનું મંડળ ભજન-કીર્તન કરતું કરતું દાખલ થયું. સાધુની જગ્યામાં સાધુને નિમંત્રણ શું અને પૂછવાનું શું ?

ઝાંઝ-પખાજનો અવાજ સાંભળી મહંત ગોપાળદાસજી બહારં આવ્યા. "કહાઁ કી મંડળી હૈ ?"ઉત્તર મળ્યો "કચ્છ દેશથી આવી રહ્યા છીએ." બાવાજી ખૂબ રાજી થયા. ઉતારા-પાણીની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી. સંત મંડળે પોતાની જાતે જ રસોઈ બનાવી સૌએ ઠાકોરજી જમાડ્યા.

જગ્યામાં સંત મંડળે બાવાજી પાસે રામજીની ધૂન વાજિંત્રો સાથે કરાવી : "જય રામ જય રામ જય રામ ....."

રાત્રે સંતો આરામથી ઉતારે સૂઈ રહ્યા. પરંતુ સાધુમંડળ મળસકે વહેલું ઉઠ્યું અને "સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ ..... સ્વામિનારાયણ ....." ની ધૂન ઉપાડી. જગ્યાના બાવાઓની ઊંઘ ઉડી ગઈ. આ બાવાઓને સ્વામિનારાયણની એવી ભડક અને એવો દ્વેષભાવ કે એમનું નામ સાંભળે અને ક્રોધની જવાળાઓ ભભૂકી ઉઠે. આત્માનંદ સ્વામી, રામાનંદ સ્વામીને આ જમાત પોતાના ગણતી, પણ જ્યારથી શ્રી સહજાનંદ સ્વામી ઉપર છત્ર ખસ્યું અને ઉદ્ધવ સંપ્રદાયની ધૂરા રામાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને સોંપી ત્યારથી બાવાઓની બાજી બદલાઈ ગઈ હતી. પરંતુ આ સંતોએ ખાખી બાવાઓનું હૃદય જીતી લીધું !

જગ્યાના બાવાઓએ મહંત ગોપાળદાસજીને ભરમાવીને સાધુ મંડળને બહાર કાઢવા કોશિશ કરી, પણ સંતો બહાર નીકળ્યા નહિ. મુક્તાનંદ સ્વામીએ મંડળ અમદાવાદ ગયું ત્યારે મહારાજની આજ્ઞાનું પાલન કર્યું હતું. એ જ રીતે અહીં ધ્રાંગધ્રામાં અગ્રગણ્ય સંતે કહ્યું કે, "મહારાજે આજ્ઞા કરી છે કે ત્રીજે દિવસે અહીંથી નીકળવું." બાળ હઠ, સ્ત્રીહઠ, રાજહઠ અને યોગી હઠ !


ગોપાળદાસે ધ્રાંગધ્રા નરેશ અમરસિંહને ફરિયાદ કરી પણ કંઈ જ વળ્યું નહિ. સાધુમંડળ તો જાણે એમની જગ્યા હોય તેમ કામે લાગી ગયું. ચોથે દિવસે સંત મંડળ મહારાજ પાસે આવી પહોંચ્યું. મહારાજે કહ્યું : "રંગ છે મારા સાધુઓને, એમણે સત્સંગની રૂડી રીત રાખી છે. આજે અમે ઘણા રાજી થયા છીએ... સંકટ આવી પડે ત્યારે શાંત રહેવું. મનથી યે સામા ઉપર પ્રહાર કરાવની ઈચ્છા જ ન કરવી. અસ્ત્ર-શસ્ત્રથી યે નહિ અને શબ્દો દ્વારા પણ નહિ. સામાનું હૃદય જીતી લેવાની, એની પ્રકૃતિ બદલી નાખવાની એ જ અમોઘ ચાવી છે....."

સંત મંડળ મહારાજ પાસે પહોંચે તે પહેલાં આ અંતર્યામી સર્વ હકીકતથી અજાણ ન હતા.

દયાળુ દેવ શ્રી નરનારાયણદેવ

- સાધુ ગોપાલજીવનદાસ ગુરુ પ્રાણજીવનદાસ (શ્રી સ્વા. સંસ્કૃત વિદ્યાલય, જેતલપુર)

મહારાજે આચાર સંહિતામાં આપણને આજ્ઞા કરી કે, "મારા ભક્તોએ સાયંકાળ ને વિષે મંદિરમાં જઈને ભગવત્ભજન કરવું. શ્રીજી મહારાજે આપણા ઉપર ઘણી બધી કૃપા કરી ને આપણને સ્વહસ્તે બનાવેલા નવ નવ મહા મંદિરો આપ્યા અને મનુષ્ય મંદિરના માધ્યમથી હંમેશા ભગવત્ભજન કરે છે. જેમ કોઈ શાકભાજી ને તાજુ રાખવું હોય તો એ શાકભાજીને આપણે ફ્રિજ માં રાખીએ છીએ. તેવી રીતે મનુષ્યને પણ આ માયામાં મલિન ન થાય એટલા માટે ફ્રિજ રૂપી મંદિરનો ઉપયોગ કરવો પડે છે. ભક્તજનો મહારાજની કેવી કૃપા કે નવ મંદિરોની સ્થાપના પ્રતિષ્ઠા કરી તેમાં સૌ પ્રથમ જો કોઈ દેવની મંદિરમાં પ્રતિષ્ઠા થઈ તે આપણું આ ભરત ખંડના રાજાનું મંદિર, કાલુપુર (અમદાવાદ) કહેતા સૌ પ્રથમ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી. શ્રીજીમહારાજે આનંદાનંદ સ્વામીને આજ્ઞા કરી કે સ્વામી ! તમે કર્ણાવતી નગરીમાં જાવ અને ત્યાંના રાજા પાસે મંદિર નિર્માણ કરવા માટે જમીન લઈ અને ત્યાં તમે મંદિરનું નિર્માણ કરો. મહારાજની આજ્ઞા ને શિરોધાર્ય કરી અને સ્વામીએ ભવ્યાતિભવ્ય વિશાળ મંદિર બનાવ્યું અને ગઢપુરમાં મહારાજને સંદેશો મોકલ્યો કે મહારાજ આપની આજ્ઞાથી મંદિરનું કામ પૂર્ણ



થયું છે. ત્યારે મહારાજે કર્ણાવતી આવીને ફાગણ - સુદ ત્રીજ ને સંવત ૧૮૭૮ના તા. ૨૪-૨-૧૮૨૨ના શુભ દિવસે વેદોક્ત વિધિથી ગોવિંદજી વગેરે બ્રાહ્મણો સાથે મહારાજે શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી. એ મૂર્તિમાં મહારાજે સ્વ તેજનું સ્થાપન કર્યું. ત્યારબાદ વિશાળ સત્સંગ સભામાં મહારાજે આશીર્વાદ આપતા કહ્યું છે કે આ નરનારાયણ બદરિકાશ્રમ વિશાલાની નીચે તપ કરે છે એ છે. અને મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, "सेवा मुक्तिश्च गम्यताम् ॥" અને સભામાં મહારાજે કહ્યું કે જે વ્યક્તિ આ નરનારાયણ દેવની સેવા પૂજા કરશે તેનું અમે કલ્યાણ કરશું.

નરનારાયણદેવ કહેતા નરः चासौ नारायण । ભગવાન નરનારાયણદેવની આપણી ઉપર અનહદ કૃપા છે.

પૂજ્ય મોટા મહારાજશ્રી પણ પ્રસંગોપાત જાહેર સભામાં કહે છે કે આ નરનારાયણદેવ સર્વોપરિ દેવ છે. તેમની સેવા પૂજા દર્શન કરવાથી તેનું મહારાજ અવશ્ય કલ્યાણ કરશે.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે, "भारतेऽपिवर्षेअनु ग्रहायात्म-वतानुकम्प यात्यरी" અર્થાત્ શ્રી નરનારાયણ ઋષિ જે તે બદરિકાશ્રમમાં રહ્યા થકા આ ભારત ખંડના સર્વે મનુષ્યના કલ્યાણને માટે સુખને માટે તપ કરે છે. એ તપ ભગવાન નરનારાયણ પોતાના ભક્તો માટે કરે છે. જ્યારે મહારાજ સવારે પાંચ દંડવત કરતા, પરંતુ પછીથી મહારાજે છ દંડવત ચાલુ કર્યા ત્યારે સ્વામીએ પૂછ્યું મહારાજ આજે કેમ છ દંડવત ? ત્યારે મહારાજ કહે એક દંડવત અમે અમારા ભક્તો માટે કરીએ છીએ. તેવી જ રીતે નરનારાયણદેવ પણ ભક્તો માટે તપ કરે છે. એ નરનારાયણદેવને મહારાજે આપણી સમક્ષ ભક્તોના કલ્યાણ માટે તે ભરતખંડના રાજાની કાલુપુર (કર્ણાવતી) નગરમાં પ્રતિષ્ઠા કરી. ભક્તજનો વિચાર કરો કે આપણી ઉપર મહારાજની કેટલી કૃપા છે. તો અંતમાં મહારાજના ચરણોમાં એજ પ્રાર્થના કરીએ કે હે મહારાજ તમારી આવી જ કૃપા વર્ષા કરજો અને શ્રી નરનારાયણદેવનો મહિમા દરેક જીવને સમજાય એજ અભ્યર્થના સાથે વિરમું છું.

સત્સંગ સૂરભિ :

મુક્ત તો આજ થયો છું !

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા

ગુરુ રામાનંદસ્વામી પાસેથી જેવી ધર્મધુરા સંભાળી કે શ્રી સહજાનંદ સ્વામી એક ઘડી બેસી રહ્યા નહીં. સંતો સહિત એમણે માંગરોળ, મેઘપુર, જેતપુર, ધોરાજી એમ સતત વિચરણ શરૂ કર્યું. અધર્મ સર્ગના ઉચ્છેદ માટે - રાત થોડીને વેશ ઝાઝા - એવું શ્રીહરિને લાગ્યું. પોતાના સર્વોપરિ અલૌકિક પ્રતાપથી સમાધિ દ્વારા - એમણે લખલૂટ ઐશ્વર્ય છુટું મૂકી દીધું !

આ પ્રતાપ એવો તો અદ્‌ભુત હતો કે મતપંથીઓનું જોર તૂટવા માંડ્યું. અપાર ગૃહી, ત્યાગી શ્રીહરિનાં અનુયાયી બન્યાં અને નવા ને નવા બનવા માંડ્યા ! જાણે કોઈ અલૌકિક યોગીરાજ - પૃથ્વીવાસીઓને યોગના પાઠ ભણાવવા માટે જ અક્ષરધામથી ખાસ Deputation ઉપર આવ્યા હોય - એવાં સુંદર એ દૃશ્યો હતાં !

આ બાજુ મુક્તાનંદ સ્વામી ભૂજનગરમાં વિરાજતા હતા. "શ્રીજી મહારાજ જેને ને તેને સમાધિ કરાવે છે." એ વાત જાણી સ્વામી થોડા ખિન્ન બન્યા. શ્રીહરિના આ ચરિત્ર પ્રત્યે તેમનામાં મનુષ્યભાવ આવી ગયો.

આવા સમામાં એક દિવસ શ્રીજી મહારાજ અગણિત શિષ્યોથી વિંટળાઈને પલંગ ઉપર વિરાજમાન હતા. તે વખતે ભૂજનગરથી મુક્તાનંદ સ્વામી થોડાંક સંતો સાથે ત્યાં આવી પહોંચ્યા. હાથમાં રંગીન સોટી હતી. શ્રીજી મહારાજે જેવા સ્વામીને દૂરથી જોયાં કે સન્મુખ દોડ્યા અને તેમના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સ્વામીએ હાથ ઝાલીને શ્રીહરિને ઉઠાડ્યા અને બાથમાં લઈને ભેટ્યા. મહારાજના સ્પર્શથી મુક્તમુનિનાં સર્વે અંગોમાં શીતળતા વ્યાપી ગઈ ! મહારાજે સ્વામીને પલંગ ઉપર બેસાડ્યા અને પોતે ભૂમિ ઉપર બેઠા ! શ્રીહરિની આવી લીલાથી સ્વામીને અંતરમાં સંતાપ થવા લાગ્યો. આટલું બધુ સન્માન પોતાને શૂળી સમાન લાગ્યું. ચિત્તમાં અનેક જાતનાં સંકલ્પો થવા લાગ્યા.

એટલામાં રસોઈ તૈયાર થઈ એટલે મુકુંદવર્ણી મહારાજને બોલાવવા આવ્યા. મહારાજ તત્કાળ ઉઠ્યા અને સ્વામીને પણ સાથે લીધા. પોતાના બાજોઠ ઉપર સ્વામીને બેસાડ્યા અને પોતે બાજુમાં બેઠા. સ્વામીને પ્રથમ પીરસાવ્યું પછી મુનિને કહે, "તમે મોટા છો ને અમે તો બાળક છીએ જેથી સાથે જમીએ તો ખોટું કહેવાય માટે પહેલા તમે જમો અને અમે પછી જમીશું. સદાચાર પ્રમાણે કરવું જોઈએ."

સ્વામી બોલ્યા : "બહુ ઘરડા અને બહુ બાળક હોય તે સાથે જમે તેમાં વાંધો નહિ." એમ કહીને શ્રીહરિને પણ સાથે જમવા માટે આગ્રહ કર્યો.

શ્રીજી મહારાજનાં આવા વિચિત્ર વર્તનથી આસપાસના સંતો અને ભક્તજનો પણ વિસામણમાં મૂકાઈ ગયા. "મહારાજ આજે આમ કેમ કરે છે ?" સૌને આ પ્રશ્ન મૂંઝવી રહ્યો હતો !

"સ્વામીને અમારા વિષે મનુષ્યભાવ આવી ગયો છે તે કાઢવો જ રહ્યો." પરમાત્માને તો જીવનું કલ્યાણ કેમ કરીને થાય તે જ જોવું છે.

જમીને બધા ઉતારે આવ્યા એટલે સ્નાન કરવાનું મીષ લઈને મુક્તાનંદ સ્વામીએ એકલા શ્રીજી મહારાજને સાથે લીધા. બીજા હરિભક્તોને આવવાની મના કરી દીધી. મહારાજ તો બધું જ જાણે છતાં મનુષ્ય ચરિત્ર કરતાં સૌથી પહેલા તૈયાર થયા ! જેતપુર શહેરની પૂર્વમાં મેઘવતી નદી વહે છે. કારતક સુદ દશમીનો એ દિવસ હતો. હરિભક્તોનાં દશ-બાર છોકરાં મહારાજ સાથે નદીએ આવ્યા.

મુક્તાનંદ સ્વામીએ સત્સંગનું હિત વિચારી શ્રીજી મહારાજને એક બાજુ બેસાડી ઠપકો દેવા માંડ્યો, એમણે કહ્યું, "રામાનંદ સ્વામી આજે જગતમાં નથી. તેમના ગુરુ આત્માનંદ સ્વામી અખંડ મહાતેજમાં રહેતા. ષટ્‌ચક્રની બધી વાત તે જાણતા. કોઈકનું પલકવારમાં ઊલટસૂલટ કરી શકે એવો એમનો પ્રતાપ હતો. બીજા પણ રામકૃષ્ણાદિક અપાર અવતારો ભગવાનના થયા છે. તેમનાથી પણ તમો જાણે મોટા થઈ ગયા હો એવી વાત લઈને બેઠા છો. કોઈ તમને પૂછનારું મળ્યું નહિ તેથી તમારો મહિમા વધ્યો છે. પરંતુ રામાનંદ સ્વામી કહે તેમ કરવું જોઈએ. બીજી વાત છોડી દો. બીજી વાતમાં ઉત્પાત રહેલા છે. એમાં કોઈને શાંતિ થાય નહિ. સીધે માર્ગે ચાલે તેને કોઈ ઠપકો દે નહિ."

મુક્તાનંદ સ્વામીની વાત, શ્રીહરિએ મોટા ગુરુભાઈ માનીને સવળી ગ્રહણ કરી અને પછી હાથ જોડીને કહે "જો તમારી આજ્ઞા હોય તો માથું નમાવીને કંઈક કહું ?"

"તમારા દિલમાં જે વાત હોય તે કહો, શ્રીહરિ પછી મંદમંદ હાસ્ય મુદ્રા સાથે ગંભીર સ્વરમાં બોલ્યા : "સ્વચ્છ કપડાં ઉપર ભાત પડે. તમારા સમાન કોઈ શુદ્ધ નથી. તમે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છો. તમારે લીધે જ અમે આજ સુધી ટક્યા છીએ. સત્ય વાત અમને બહુ વહાલી લાગે છે. અંધારી રાત્રિ હોય તે સૂર્યના ઉદય થયા વિના ટળે નહિ. સૂર્યને ઠેકાણે ધર્મની વાત છે. ધર્મને

અમે પિતા માન્યા છે. અને ધર્મની પત્ની ભક્તિ અમારી માતા છે. તેમના પુત્ર જ્ઞાન, વૈરાગ્યને અમે અમારા ભાઈ માન્યા છે. અધર્મ વંશનું મૂળ ઉખાડવા માટે જ અમો પ્રગટ થયા છીએ. છતાં તમો કહો તેમ કરીએ. અમારે તો મોક્ષનો ખપ છે.''

શ્રીહરિની આવી આર્જવ ભરી શુદ્ધ વાણી સાંભળી સ્વામીના નેત્રોમાંથી આંસુ વહેવા લાગ્યા. ગદ્‌ગદ્‌ કંઠ થવાથી કાંઈ બોલી શકાયું નહિ. શ્રીહરિ પ્રત્યેના મનના ભાવો જાણે આંસુ બનીને વહી રહ્યાં હતાં. તેઓ અચેતન જેવા બની ગયા.

તેમને શાંત કરવા માટે શ્રીજી મહારાજે કહ્યું ''રામાનંદ સ્વામીની ઈચ્છાથી જ આ બધું થાય છે. તે ધ્યાન કરાવીને પોતાનાં દર્શન આપે છે. અને ભગવાનનો અનંત પ્રતાપ, ધામમાં રહ્યા થકાં અહિયાં દેખાડે છે. એમાં અમારો દોષ નથી. તેમ છતાં જાણે અજાણે અમારાથી દોષ થયો હોય તો મનમાં રોષ રાખશો નહિ. સંતનું હૃદય તો પુષ્પ સમાન કોમળ હોય છે.''

એટલામાં વાલજી અને લક્ષ્મણ એ બે છોકરાંને શ્રીહરિને જોતાં જ સમાધિ થઈ ગઈ. દેહથી જુદા થઈ ગયાં. સ્વામી તો આ જોઈ આશ્ચર્ય પામી ગયા ! એમણે બંનેની નાડ જોઈ તો બંનેના શરીર અચેતન હતા. શ્વાસ પણ બંધ હતો. મહારાજે એમને જળમાં ડૂબાડ્યા પછી સ્વામીને કહે, ''અમે હવે જઈએ છીએ. અમને આવતાં થોડીવાર થશે. તમારી નજરમાં આવે ત્યારે છોકરાંઓને બહાર કાઢી ઉઠાડજો.''

જળમાં ચાર ઘડી થઈ ત્યારે સ્વામીએ બંને બાળકોને બહાર કાઢ્યા. રામાનંદસ્વામીનું ધ્યાન કરી, બંને બાળકોને ઉઠાડવા પ્રયત્ન કર્યો. કાનમાં બળ પ્રમાણે નામ લઈ પોકાર કર્યો પણ ઉઠ્યા નહિ !''

છ ઘડી પછી મહારાજ આવ્યા. બાળકો ને હજુ પણ અચેતન જોઈને હસવા લાગ્યા.

''સ્વામી તમે કહો તો તમારી આજ્ઞાથી ઉઠાડીએ.'' એમ કહી પોતાના નેત્ર એના નેત્રમાં થંભાવ્યા અને હાથ પકડી શબ્દ કર્યો એટલે ફટ્‌ દેતાકને વાલજી સમાધિમાંથી બહાર આવ્યો. અને પછી વાલજીએ એજ રીતે લક્ષ્મણને જગાડ્યો.

મહારાજે બાળકોને પૂછયું, ''મુક્તાનંદસ્વામી બોલાવતાં હતાં છતાં કેમ બોલ્યા નહિ ?''

ત્યારે બાળકો કહે, ''અમે અક્ષરધામમાં ગયા હતા. ત્યાં મુક્તાનંદ સ્વામી નહોતા બેઠા. પરંતુ અક્ષરધામના દ્વારે તમે મને પકડ્યો. લક્ષ્મણ દૂર ગયો હતો તેને હું બોલાવી લાવ્યો.''

બાળકોની વાત સાંભળી સ્વામીનું મન ચગડોળે ચઢ્યું. જળ વિના જેમ માછલી તરફડે તેમ શ્વાસોશ્વાસ ભરાતાં તેમણે હાથ પગ ધોયા અને વૃક્ષ તળે બેસીને રામાનંદ સ્વામીનું ધ્યાન કરવા લાગ્યા.

ત્યાં તો રામાનંદસ્વામી પ્રત્યક્ષ આવીને કહેવા લાગ્યા, ''હે સ્વામી ! તમે કાં ભૂલા પડ્યા ? મહારાજ તો અમારાં પણ સ્વામી છે. તેમની સેવા અમારે દુર્લભ છે જે તમને સહજ રીતે મળી છે. માટે મન, કર્મ, વચનથી તેમની સેવા કરજો. અનંતકોટિ બ્રહ્માંડોના એ રાજાધિરાજ છે. માટે કોઈ સંશય રાખશો નહિ. અમે તો માત્ર ડૂગડૂગી વગાડી જાણતા. ખરા ખેલ ભજવનારા તો શ્રીહરિ સ્વયં છે. એમને યથાર્થપણે જાણો અને ચરિત્રમાં ક્યારેય સંશય રાખશો નહિ.'' આટલું કહી રામાનંદ સ્વામી અંતર્ધાન થઈ ગયા.

મુક્તાનંદસ્વામી પ્રેમ મગ્ન બની ગયા. નારાયણ સોનીને ઘેર આજે શ્રીહરિ તથા સંતો પધાર્યા છે. મુક્તાનંદ સ્વામીએ, શ્રીહરિ માટે સોનેરી પલંગ બીછાવ્યો. ઉપર રામાનંદ સ્વામીના સોનેરી બુટ્ટાદાર ગાદી તકિયા પથરાવ્યા. કેસર ચંદન ઉતારી ફૂલના હાર તથા ધૂપદીપ મંગાવ્યા.

લાભ અને અમૃત ચોઘડીયું આવ્યું એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજનો હાથ ઝાલી એમને પલંગ ઉપર બિરદાવ્યા. જરકસી વસ્ત્રો પહેરાવી, કડાં, વેઢ, વીંટી, બાજુબંધ, શિરપેચ, પાઘ, ફૂલના તોરા, ગુચ્છ વિગેરે ધરાવ્યા. કેસર ચંદન ચર્ચીને ભાલમાં કુમકુમનો ચાંલ્લો કર્યો. ચરણે ચંદન ચર્ચીને ધૂપદીપ પ્રગટાવ્યા.

આજે શત શત દીવડાની આરતી પ્રગટાવવામાં આવી. મુક્તાનંદ સ્વામી આજે પ્રેમ મગ્ન બની, ગદ્‌ ગદ્‌ કંઠે અને રોમાંચિત ગાત્રે આ પ્રકારે શ્રીહરિની આરતી ઉતારવા લાગ્યા.

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુર સ્વામી
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી.... જય સદ્‌ગુરુ સ્વામી
આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિધ્ધિ..... જય સદ્‌ગુરુ સ્વામી

સ્વામીએ આરતી પૂર્ણ કરી અને પ્રેમપૂર્વક શ્રીહરિના ચરણોમાં મસ્તક ધર્યું. આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. શ્રીહરિ સન્મુખ હાથ જોડી દીનવદને સ્તુતિ કરવા લાગ્યા : ''હે ભગવાન ! તમે બાળ મિત્ર હોવાથી હું ભૂલો પડ્યો. મારી સાથે પ્રેમ કરીને મને ભૂલો પાડ્યો. તે દિવસ રામાનંદ સ્વામીએ સત્ય વાત કહી હતી. પરંતુ કોઈ પાપે કરીને અંતરમાં અંતરાય રહી ગયો હતો. તે અજ્ઞાનરૂપી મહાપાપથી આપે આજે કૃપા કરીને મને મુક્ત કર્યો છે. **મુક્ત તો આજ થયો છું.** અત્યાર સુધી અમુક્ત હતો, અબુધ હતો, અજ્ઞાની હતો. આપના ગુણોનો તો પાર આવે તેમ નથી. અમો તો અવગુણો ના ભંડાર છીએ છતાં ગુણના અભિમાને કરીને આપના ગુણોને ભૂલી ગયા હતા. એવું હવે ફરી ક્યારેય ન થાય એમ બે હાથ જોડીને માંગુ છું. તમારી માયામાં તો બ્રહ્માદિક ભૂલા પડે તો અમો તો કોણ માત્ર ?''

''અહિંસામય યજ્ઞો કર્યા હોય છતાં પણ તમારો યોગ મળવો મુશ્કેલ છે. મહાજળમાં જેમ વહાણ સુખરૂપ છે. વહાણ છોડી દે તેને દુઃખ આવે જ. તેમ

(અનુ. પેઈજ પર ૨૨)

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સુખનું મૂળ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બજારમાં જાતજાતના રમકડાં મળતા હોય છે. એમાં અત્યારે ભેજુ કશો એવા રકમડાં મળે છે. કોઈપણ વસ્તુ બનાવવાની હોય તેમાં ટૂકડાને વ્યવસ્થિત ગોઠવતાં જાવ અને આકૃતિ બનતી જાય. પૂરેપૂરા ગોઠવાઈ જાય એટલે પોપટ, મોર, ચકલી, ઘર, નદી, પશુ વગેરે તૈયાર થઈ જાય. એ રીતે ટૂકડાઓ વ્યવસ્થિત ગોઠવાય એટલે ગમે તેવા ચિત્રો ક્ષણમાં બની જાય. એક છોકરો બહુ જ હોંશિયાર હતો. આવા રમકડાંના ટૂકડાને ગોઠવીને એક બાજુ ચિત્ર ઝટપટ બનાવી દેતો. એના બાપને એક વખત થયું કે, "છોકરો હોંશિયાર છે કે, નહીં ? તેની ખાત્રી કરી લઉં."

પોતાના જ ઘરમાં એક બહુ જ જુનો દુનિયાના દેશો દર્શાવતો મોટો નકશો હતો તે ફાટી ગયો હતો. એટલે તેના પિતાએ તે નકશો થોડો વધુ ફાડી નાંખ્યો. જૂનો હતો એટલે નવો લેવાનો થયો હતો એટલે તેને વધુ ફાડીને પોતાના દીકરાને કહ્યું કે - "લે, આ નકશો વ્યવસ્થિત ગોઠવી દે. હવે એ દુનિયાનો નકશો હતો એટલે તેને વ્યવસ્થિત ગોઠવવો ઘણીજ કઠીનાઈવાળું કામ હતું. દુનિયાના નકશામાં તો ક્યાંક ભારત તો ક્યાંક ઈંગ્લેન્ડ તો ક્યાંક અમેરિકા તો ક્યાંક રશિયા અને ક્યાંક ઓસ્ટ્રેલિયા વગેરે દેશોનો સમાવેશ થયેલો હોય. હવે કોઈ મેળ વગરના ફાટેલા આ નકશાને વ્યવસ્થિત કેવી રીતે ગોઠવવો ! જેમ તેમ બધું જ ફાટી ગયું હતું. પણ આ છોકરાએ તો પાંચ જ મિનિટમાં આખી દુનિયાનો નકશો અપટૂડેટ ગોઠવી દીધો. અને બોલ્યો - "લ્યો બાપુજી". તેના પિતાએ જોયું, ખરેખર અપટુડેટ નકશો ગોઠવી દીધો હતો. એટલે બોલાઈ જવાયું, "વાહ ! સરસ ગોઠવી દીધો !!" "આટલી બધી હોંશિયારી તારામાં આવી ક્યાંથી ! દુનિયાનો નકશો ફાડીને મેં તને આપ્યો છતાં જલ્દીથી વ્યવસ્થિત ગોઠવી દીધો. ધન્ય છે તને, ખરેખર, મને બહુ જ ગર્વ છે તારી આવડત ઉપર. પણ એ તો કહે તેં થોડીજ વારમાં કઈ રીતે નકશો ગોઠવી દીધો !" પુત્ર કહેવા લાગ્યો, "એ તો એવું છે ને, પપ્પા ! આ નકશાની પાછળ પતિ-પત્નિ અને બે બાળકો વાળા એક કુટુંબનું ચિત્ર હતું. મેં પાછળ જોયું અને વિચારી લીધું કે જો આ પતિ-પત્નિ અને બે બાળકોવાળા ભાગ સરખા ગોઠવાઈ જાય તો આખો નકશો સરખો ગોઠવાઈ જશે. મેં પાછળવાળા ચિત્રને ધ્યાનમાં રાખીને ટૂકડા ગોઠવ્યા એટલે આખો નકશો આપોઆપ એ રીતે તૈયાર થઈ ગયો."

કોઈ પતિ-પત્નિ ને બાળકો વચ્ચેના કુટુંબના ટૂકડા સરખા કરતાં શીખો તો આખી દુનિયા સંધાઈ જાય. સમજી ગયાને ! આખી દુનિયાનો નકશો એક થઈ જાય પણ ક્યારે ? આપણે જો કોઈ કુટુંબમાં સંપ કરાવતા શીખીએ ત્યારે. આપણા સત્સંગમાં એક કહેવત છે કે - "એક જીવને સત્સંગી બનાવો તો આખી દુનિયાને તારવાનું ફળ મળે છે." કેમ કે સત્સંગ એ જ સર્વ સુખનું મૂળ છે. જેના જીવનમાં સત્સંગ હોય તેના જીવનમાં સંપ, સદ્‌ભાવ, સંસ્કાર વગેરે સદ્‌ગુણો નિવાસ કરે છે. એટલે જ તો વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાનને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે જીવને મોક્ષનું દ્વાર કઈ રીતે ખૂલે ! ત્યારે તેના જવાબમાં સ્વામિનારાયણ ભગવાને આ શ્લોક કહ્યો,

"પ્રસંગ મજંરં પાસ,
માત્મન, કવયો વિદુઃ।
સ એવ સાધુષુકૃતો,
મોક્ષ દ્વાર મપાવૃત્તમ્ ॥"

ભગવાનના એકાંતિક સાધુના પ્રસંગથી જીવને મોક્ષનું દ્વાર ખુલ્લું થાય છે. એ જીવ આલોક, પરલોક બંને રીતે સુખી થાય છે. એટલે સંપ અને સત્સંગ તમામ સુખનુ મૂળ છે.

●

આવો અપરાધ ન કરતા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સૂર્યવંશમાં એક રઘુનામે રાજા હતા. રઘુરાજાનો પરિવાર ધાર્મિક હતો. રઘુરાજા પોતે નીતિ મત્તાવાળા હતા. રાજ્યમાં રાજનીતિના પાઠ સારી રીતે તેઓ ભણેલાં. રાજ્યની પ્રજા કેમ સુખી રહે તેના માટે તે સતત પ્રયત્નશીલ રહેતા.

એક દિવસની વાત છે. રઘુરાજા સહેજે ઉતાવળમાં હતા. રાજ્યના

કામકાજમાં અટવાયેલા હતા. તેથી પોતાના મંત્રીઓ સાથે ઘોડે અસ્વાર થઈ નગરના રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. તે જ વખતે સ્વર્ગની નંદિની નામની ગાય રઘુરાજાના રાજ્યમાંથી પસાર થઈ રહી હતી. જે રસ્તેથી રાજા જઈ રહ્યા હતા. તે જ રસ્તા પર સ્વર્ગની નંદિની ગાય સામેથી આવી રહી હતી. રઘુરાજા તો સંસ્કારી તથા ધાર્મિક વૃતિવાળા હતા. તેમના હૃદયમાં સૌના પ્રત્યે આદર હતો. પરંતુ આજે ઉતાવળમાં તે આ સ્વર્ગની નંદિની ગાયને પગે લાગવાનું ટાળી આગળ વધ્યા. ગાય માતાનો આદર ન જાળવ્યો. પોતાના તાનમાં ચાલ્યા ગયા. તેથી સ્વર્ગની નંદિની ગાયે રઘુરાજાને શાપ આપી દીધો. એક માત્ર નાનકડી ભૂલથી રઘુરાજા માટે ખૂબજ ગંભીર પરિસ્થિતિ સર્જાય ગઈ. સમય સમયનું કામ કરે છે. કોણ જાણે કેમ પણ એમને મોટી ખોટ સંતાન નહિ. રઘુરાજા પોતાના ઘરે પારણું બંધાય તેવી અપેક્ષા રાખતા હતા. પણ તેમની એ અપેક્ષા પૂર્ણ થતી ન હતી. સંતાનની પ્રાપ્તિ માટે તેમને અનેક પુત્રેષ્ઠિ યજ્ઞ કરાવ્યા. અનેક ભૂદેવોને દાન દીધા પણ તેઓને સંતાન પ્રાપ્તિ ન જ થઈ. રઘુરાજા ખૂબ દુઃખી દુઃખી થઈ ગયા. કોઈ ઉપાય હાથમાં આવતો નથી. ખૂબ મુંઝાયેલા રઘુરાજાએ છેવટે પોતાના ગુરુને મળવાનો વિચાર કર્યો. રઘુરાજાના ગુરુ વશિષ્ટ મુનિ હતા. રઘુરાજા પોતાના ગુરુના દર્શને ગયા. ગુરુને વંદન કરી પોતાની મુંઝવણ ગુરુ આગળ રજુ કરી. વશિષ્ઠ મુનિએ યોગ દ્રષ્ટિ દ્વારા જાણી લીધું કે સ્વર્ગની નંદિની ગાયનો રઘુરાજાને શાપ છે. તેથીજ સંતાનની પ્રાપ્તિ થતી નથી. વશિષ્ઠ મુનિએ રઘુરાજાને જાણ કરી કે તમે સ્વર્ગની નંદિની ગાયનો અપરાધ કર્યો છે. માટે તમને સંતાન સુખ મળતું નથી. રઘુરાજાએ શાપમાંથી મુક્ત થવાનો ઉપાય બતાવવાની વિનંતી કરી. વશિષ્ટ મુનિએ રઘુરાજા તથા તેમના પત્નીને ગાયની સેવા કરવાનું કહ્યું.

વશિષ્ટ મુનિના આશ્રમમાં એક ગાય હતી. તે ગાયની ૨૧ દિવસ ચાકરી કરવાનું કહ્યું. અને પાછી ચાકરી તે કેવી ? ગાય બેસે ત્યારે જ બેસવાનું તે સિવાય બેસવાનું નહિ. ગાય જ્યાં જ્યાં ચારો ચરવા જાય ત્યાં સાથે સાથે ફરવાનું અને આ સેવા કાર્ય ફક્ત રઘુરાજા માટે નહોતું રઘુરાજાની સાથે તેમની પત્નીને પણ કરવાનું હતું. રઘુરાજાના રાણી શરીરે ખૂબજ સ્થુળ હતા. અને આ તો રાજાના રાણી આખા દિવસમાં કંઈ કામ કરવાનું ન હોય, જેની સેવામાં દાસદાસીઓ ચોવીસે કલાક હાજરા હજૂર હોય તે રાણીને આજે પ્રાયશ્ચિત માટે આ રીતે ગાયની સેવા કરવાની થાય તે કેટલું કઠણ પડે. દિવસમાં એક જ વખત ફળાહાર કરવાનો બીજુ કાંઈ જ નહિ.

આમ ૨૧ દિવસ રઘુરાજા અને તેમના પત્નીએ ગાયની ખૂબ જ સારી રીતે ચાકરી કરી. ત્યારબાદ ૨૧ માં દિવસે વશિષ્ટ ઋષિએ રઘુરાજાને ગાયના દૂધથી પારણા કરાવ્યાં. સમય જતાં રઘુરાજાના પત્નિને સારા દિવસો વિતવા લાગ્યા. અને તેઓને સંતાન સુખની પ્રાપ્તિ થઈ.

મિત્રો ! ગાયને નમસ્કાર કર્યા વગર આગળ વધ્યા તોય જો આટલો અપરાધ થતો તો હોય તો પછી આપણા ધર્મગુરુ આચાર્ય મહારાજશ્રી, ભગવાનના ભક્ત, સંત, વડીલને નમસ્કાર કર્યા વગર વધે તો દોષ ન લાગે ! જરૂર લાગે.

માટે જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતજનોને વિવેક શિખવતાં શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, "માર્ગને વિશે ચાલતે શિવાલયાદિક જે દેવ મંદિર આવે તો આદરથી નમસ્કાર કરવા."

સમૈયો છે સમૈયો !

પ્રગટાવો જ્ઞાનનો દીપક;
સમૈયો છે સમૈયો.
શોધી લો મુક્તિનું દ્વાર;
સમૈયો છે સમૈયો.
અંધારામાં ભટકતા રહીને,
ઠોકરો ખૂબ ખાધી.
કંઈ સૂઝ પડતી નહોતી;
જગત હતું દુઃખદાયી.
મસ્ત થયો હવે સમૈયામાં;
સમૈયો છે સમૈયો.
સૌ સત્સંગીઓ ઉપસ્થિત છે,
સમૈયો છે સમૈયો.
નથી રહ્યો ભ્રમ હવે;
અક્ષરધામમાં જ જઈશું.
સોહંનો પ્રકાશ પામી;
સ્વયંમાં જ સમાઈશું.
આ સમૈયો ગુરુવર્યનો છે;
આચાર્યશ્રીને કેમ ભૂલાય !
મળશે આચાર્યશ્રી અંતરઘટમાં;
સમૈયો છે સમૈયો.

(- પ્રો. મહાદેવ ધોરિયાણી)

।। ભક્તિસુધા ।।

સુખ ક્યાં રહેલું છે ?

- સાં.યો. નર્મદાબેન ગુરુ બચીબા
(જેતલપુર - હવેલી)

જે પરમાત્માના સ્મરણ માત્રથી જ મનુષ્યના સર્વ અશુભો ને નષ્ટ કરીને શુભ કાર્યોની પરંપરા ને વિસ્તારે છે. તે પરમાત્મા પરમ મંગલ રૂપ છે. તે પરમાત્મા ને છોડીને જે દુઃખ રૂપ પદાર્થો છે તેમાં પ્રેમ કરે છે. તેનાથી દુઃખ પામે છે. માટે શાસ્ત્રકારો આપણને સમજાવે છે કે તમે સુખ ભોગવતા શીખો.

"તુલસી જગમે આય કે, કર લીજે દો કામ,
દેને કું ટુંકડા ભલા, લેને કું હરિ નામ."

સુખ ક્યાં રહ્યું છે ? તે જાણતા શીખો. સુખ માનીને દુઃખને વળગી પડશો. હીરાને બદલે કાચ ના આવી જાય તેનું ધ્યાન રાખજો. વાસ્તવિક સુખ તો પરમાત્મામાંજ છે. જેમાં લેશ માત્ર પણ દુઃખ નથી. જે સુખ સાશ્વત છે. જે માયા જન્ય સુખ છે. તે તો ઝાંઝવાના જળની માફક આભાશ માત્ર કે, અનિત્ય છે અને દુઃખની પરંપરાથી વિંટાયેલું છે.

એક રાજાએ પોતાનો કુંવર ગાદી લાયક થયો ત્યારે તેને ગાદીએ બેસવા કહ્યું. પણ કુંવર તો વૈરાગ્ય નિષ્ઠ હતો તેથી ગાદી એ બેસવાની ના પાડી. પછી રાજા કહે, ગાદી એ ન બેસવું હોય તો બીજી કંઈ વસ્તુ માંગો. કુંવરે કહ્યું પિતાજી માંગીશ તે મળશે ? તો સાંભળો, કોઈ દિવસ મૃત્યુ ન થાય, વૃદ્ધપણું ન આવે તથા જે દ્રવ્ય ક્યારેય નાશ ન પામે, ખર્ચું ખૂટે નહિ. ચોર લૂંટે નહિ તેવું દ્રવ્ય મને આપો. જે સુખ ક્યારેય નાશ ન પામે એવું સુખ મને આપો. રાજાએ કહ્યું બેટા તું નહિ માંગવાનું માગે છે. તે માંગ્યું તે સર્વ તો પ્રભુના હાથની વાત છે. તે તો એક પરમાત્મા જ આપી શકે. હું આપી ન શકું. કુંવરે કહ્યું એટલા માટે જ મેં ભગવાનનું શરણું લીધું છે. અવિનાશી પરમાત્માના સુખને છોડીને ક્ષણિક રાજ્ય સુખને હું શું કરું ? એવું કહીને કુંવરે રાજ્યનો ત્યાગ કર્યો. અને નિષ્કામ ભક્તિ કરીને પ્રભુને પ્રસન્ન કર્યા.

માટે હે ભક્તો ! પ્રભુની ભક્તિ છે તે જ સાચું સુખ છે.

●

સાચા સગા સંત

- સાં.યો. શિલ્પાબા તથા
સાં.યો. શિતલબા (સુરેન્દ્રનગર)

જે સર્વેમાંથી પ્રીતિ તોડી અને ભગવાનમાં પ્રીતિ કરે તેને આજે ઘોર કળિકાળમાં પણ પ્રભુ દર્શન આપે છે. ભગવાનમાં પ્રેમ કરવો અને સર્વેમાંથી પ્રેમ તોડવે. પ્રેમ તો આપણામાં ઘણો છે પણ જેમ માળા તૂટે અને તેના મણકા વેરાઈ જાય તેમ આપણો પ્રેમ, આપણું હેત અનેક ઠેકાણે વેરાઈ ગયું છે. જેમ કે, પુત્રમાં, પત્નીમાં, દેહમાં, ઘરમાં, ગાડીમાં, જગતની માન મોટાઈમાં. આમ, સર્વત્ર પ્રેમ વેરાઈ ગયો છે. પરંતુ સાચી સમજણ કેળવી અને ભગવાનમય જીવન બનાવી દઈએ તો કરોડ જન્મે જે કામ નથી થયું તે આ જન્મે તત્કાળ સિદ્ધ થાય. ભગવાન કે સંતમાં પ્રેમ થાય તો બડભાગી બની જાય, સગા કુટુંબમાં પ્રેમ થાય તો જન્મારો બગડી જાય. સગા તો સર્વે સ્વાર્થના સગા છે. જ્યાં સુધી તમારામાં સ્વાર્થ હશે ત્યાં સુધી બોલાવશે, માન સન્માન આપશે. બાકી અંત સમયે તો ભગવાનઅને ભગવાનના સંતો જ કામમાં આવે છે.

એક મહાત્મા હતા. તે રોજ રાત્રે એક ગામમાં ઉપદેશ આપે. ઘણા લોકો તે સાંભળવા ભેગા થાય. મહાત્મા ભગવાની કથા-વાર્તા કરે અને સમજાવે સંસાર તો અસાર છે. ભવસાગરમાં ગોથા ખવરાવે એવો છે. એમ સમજાવે. એકવાર એમને વાત કરી કે સંસારના સંબંધો સ્વાર્થવાળા છે. જ્યારે સ્વાર્થ પૂરો થાય ત્યારે હું કોણ ? અને તું કોણ ? સૌ પોતપોતાના રસ્તે ચાલ્યા જાય છે. સહુ ઋણાનુબંધનથી ભેગા મળે છે. અને સ્વાર્થ પૂરો થતાં છૂટા પડે છે. સર્વે શ્રોતા એકાગ્ર ચિત્તથી કથા સાંભળતા હતા. આમ, મહાત્માએ કથા પૂરી કરી એટલે સર્વે પોતપોતાના ઘર તરફ રવાના થયા. પરંતુ એક દસ-બાર વર્ષનો બાળક ત્યાં બેસી રહ્યો અને બધા ગયા પછી મહાત્માએ પૂછ્યું, "બેટા, તારે ઘેર નથી જવું ? ત્યારે બાળકે કહ્યું કે સંસાર અસાર છે. ક્યાંય સાચું સુખ નથી. સંસારના સંબંધો સ્વાર્થના છે. વગેરે જે ઉપદેશ આપ્યો તે મને ગળે ઉતરતો નથી. કારણ કે મારા માતા-પિતા અને ઘરના સર્વે મને પ્રાણની જેમ સાચવે છે. જીવની જેમ મારું જતન કરે છે. મારો વિયોગ જરા પણ સહન કરી શકતા નથી. તેમાં સ્વાર્થ જેવું ક્યાં છે ? છતાં તમે લોકોને ખોટા ભરમાવો છો. બાળકની નિર્દોષતા, નિખાલસતા અને નીડરતા જોઈ સંત તેના પર ઘણા રાજી થયા અને કહ્યું, "બેટા ! હજી તું નાનો છે. તને હમણાં આ વાત નહિ સમજાય. ઘણું સમજાવ્યો છતાં બાળક ન સમજ્યો. હઠ લીધી કે સંબંધો સ્વાર્થના છે એની ખાતરી કરાવો પછી જ હું અહીંથી ઉભો થઈશ. ના છૂટકે મહાત્માએ ખાતરી કરાવવાનું કહ્યું અને કહ્યું કાલે નિશાળેથી ઘેર જઈ મૂર્છા આવી હોય તેમ ઢોંગ કરીને સૂઈ જજે. અને બધું જોયા કરજે. બીજું હું સંભાળી લઈશ. બાળક ઉત્સાહમાં આવી ગયો. બીજા દિવસે મહાત્માના સૂચન પ્રમાણે નિશાળેથી આવી દફતર ફેંકી દીધું અને બેહોશ થઈ ઢળી પડ્યો. ઘરના બધા ભેગા થયા અને સંબંધીઓ પણ દોડી આવ્યા. વૈદ્યને બોલાવ્યા પણ કાંઈ ફેર પડે

નહિ. રોગ હોય તો મટે ને ! બધાં મુંઝાઈ ગયા. એ વખતે ત્યાં પેલા મહાત્મા આવી ચડ્યા. લોકો તરત એમની પાસે દોડી ગયા અને પગ પકડી આજીજી કરવા લાગ્યા કે મહાત્મા ! સંત પુરુષો દયાળુ હોય છે. તો આ અમારા દીકરાને સાજો કરો. અમો એના વગર નહિ જીવી શકીએ. મહાત્મા ઘડીભર ગંભીર બની ગયા. પછી કહ્યું એક ઉપાય છે. મસાલાવાળું દૂધ આ બાળકના માથેથી ઉતારો. પછી એમ કર્યું. પછી મહાત્મા કહે હવે આ બાળકને જીવાડવાનો એક ઉપાય છે. કોઈ આ દૂધનો કટોરો પી જાય. જે દૂધ પીશે તેના પ્રાણ જશે અને બાળક બચી જશે. બધા એક બીજા સામું જોવા લાગ્યા. કોઈએ હાથ લંબાવ્યો નહિ. બાળકના માતા-પિતા દાદા-દાદી, સગા સંબંધીઓ, મિત્રો બધાં હાજર હતાં પણ કોઈએ દૂધ પીવાની હિંમત ન કરી. મરવું કોને ગમે ? બાળક પર અત્યંત પ્રેમ વરસાવતા હતા એવા જીવન સંધ્યાને આરે આવીને ઉભેલા દાદા-દાદીએ પણ દૂધ પીવાનો ઈન્કાર કરી દીધો. દૂધ પીવા માટે કોઈ તૈયાર ન થયું. મૃત્યુ પહેલાં જ શોક છવાઈ ગયો.

અંતે મહાત્માએ મૌન તોડ્યું અને કહ્યું, "ભાઈઓ ! તમને જિંદગી બહુ વહાલી હોય તો પછી દૂધ હું પી જાઉં. તે સાંભળી બધા જ એક અવાજે બોલી ઉઠ્યા કે મહાત્મા તો તો તમે ભગવાન જેવા કહેવાઓ. તમે તો ભગવાનનું જ સ્વરૂપ ગણાવ. તમારે સંતને સંસારની કે જીવનની કોઈ આસક્તિ ન હોય. માટે તમે દૂધ પી જાવ અને અમારા એકના એક બાળકને બચાવી લ્યો. બધા એ મહાત્માના પગ પકડવા લાગ્યા અને દૂધ પીવડાવવા કાલાવાલા કરવા લાગ્યા. બાળક સૂતો સૂતો બધું સાંભળતો હતો. અને તમાશો જોયા કરતો હતો. છેવટે મહાત્મા દૂધ ગટગટાવી ગયા અને ચાલતા થયા. તરત પેલો બાળક બેઠો થયો અને તે પણ પેલા મહાત્માની પાછળ પાછળ ચાલવા માંડ્યો. ઘરનાએ સમજાવટ અને બળજબરીથી રોક્યો છતાં તે ન રોકાયો અને ઘર સંસાર છોડી ચાલી નીકળ્યો અને સંન્યાસ લઈ ઈશ્વર ચિંતનમાં લાગી ગયો. આમ એને સમજાણું કે સગાં તો કેવળ સ્વાર્થના સગા છે. બાકી સાચા સગા તો ભગવાન અને સંતો છે. આમ એને સમજાણું.

માટે જ્યારે સમજાય છે કે સંસાર ખોટો છે ત્યારે જ સંસારની આસક્તિ છૂટે છે. અને સંત સાથે, ભગવાન સાથે પ્રેમ થાય છે. પછી ભગવાનનું ભજન કરવાનું, સંતના વચન, ઉપદેશ સાચા લાગે છે.

●

સમદર્શી સહજાનંદ

– તરલાબેન અતુલભાઈ પોથીવાલા

શ્રીજી મહારાજ સાચા અર્થમાં સમદર્શી હતા. ભેદભાવ રાખ્યો નહોતો. સગરામ વાઘરીના કૂબેય પધારતા ને રાજમહેલમાં પણ જતા.

એકવાર લોયામાં મહારાજ સભા કરી બેઠા હતા. કથાવાર્તા ચાલુ હતી. તેવામાં ગંગાબાઈ કથા સાંભળવા માટે ત્યાં આવી. ગંગા જાતે હરિજન હતી.

કોઈ સત્સંગીએ તેને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કહેલો, ક્યારેય જોયા નહોતા પરંતુ "મોકો મળશે કે મહારાજના દર્શન અચૂક કરવા છે." એ તાલાવેલીથી મહારાજનું ભજન કરતી.

આજે છેક ચૂડાથી ચાલતી ચાલતી લોયા મહારાજનાં દર્શને આવી હતી.

સભામાં ચૂડાની બે ત્રણબાઈઓ બેઠી હતી. મહારાજ તો અંતર્યામી હતા. ગંગા જેવી આવી કે મહારાજે તેની સામું મંદમંદ હાસ્યથી જોયું. બાઈના સર્વે મનોરથ પરિપૂર્ણ થઈ ગયા ! મહારાજે કહ્યું, "આ ગંગાને તમારી બાજુ એક ખૂણે બેસવા દ્યો." પણ બાઈઓ બબડવા લાગી. મોઢાં મચકોડવા લાગી. કેટલીકે સૂગથી મોઢું ફેરવી લીધું. એટલે મહારાજે સુરા ખાચરના પત્નીને પૂછ્યું : "તમારા તબેલામાં કે ગમાણમાં ઢોર મરી જાય છે ત્યારે તેને કોણ તાણી જાય છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! એ તો ગંગાની ન્યાતવાળા લઈ જાય છે."

તેમણે કહ્યું : "એટલે તબેલામાં, ગમાણમાં કે ઘરમાં ગાય, ઘોડું કૂતરું યા કોઈ ઢોર મરી ગયું હોય ત્યારે તો એમને અંદર આવવા દ્યો છો ને ? તો પછી અહીં કેમ બડબડાટ કરો છો ? વળી આ ગંગા તો મુમુક્ષુ છે. તે પૂર્વ જન્મમાં નાગર બ્રાહ્મણ હતી. પરંતુ ઉચ્ચ નાતનું અભિમાન હતું, તેથી ઉતરતી વર્ણના ભક્તોને આદર આપતી નહોતી, ઉલટો તિરસ્કાર કરતી. તેથી તેને આ જન્મ મળ્યો છે. આવો ભેદભાવ તમે રાખશો તો તમને તેવો જન્મ મળશે. વર્ણનું કે આશ્રમનું માન રાખે તેનામાં સાધુતાના ગુણ આવતા નથી. માટે વર્ણાશ્રમનું માન ક્યારેય આવવા દેશો નહિ."

સાચી વાત સમજાઈ ગઈ. સૌની સૂગ ટળી ગઈ. ગંગાને તરત જગ્યા કરી આપી. આજે સૌને જીવનમાં એક નવો બોધપાઠ મળ્યો. સમદર્શી સહજાનંદ સ્વરૂપનાં યથાર્થ દર્શન થયા.

●

ઊંઝા ગામમાં શ્રીહરિનું આગમન

– પટેલ રેખાબેન કિર્તીકુમાર

ઊંઝામાં શ્રી નરનારાયણદેવ ગાદીનું સ્વામિનારાયણ (હરિમંદિર) છે. અને તે મંદિર દક્ષિણ દ્વારનું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અનુમતીથી આ મંદિર સંવત ૧૯૨૫ ની સાલમાં શાસ્ત્રી સ્વામી ચૈતન્યદાસજીએ બંધાવ્યું હતું. મંદિર જીર્ણ થતા આ મંદિર નવેસરથી બનાવ્યું હતું. તેની પ્રાણપ્રતિષ્ઠા સંવત ૧૯૯૭ના જેઠ વદ ચોથના રોજ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલી.

ઊંઝા ગામમાં શ્રીહરિ ઘણી વખત પધાર્યા હતા અને અનેક લીલાઓ પણ કરી હતી. અને ઊંઝા ગામની ભૂમિને પાવન

કરી હતી. ગામની પૂર્વ દિશામાં એક વડ છે. ત્યાં ભગવાન હિંડોળે ઝૂલ્યા હતા. ગામના ઈશાન ખૂણે એક તળાવ આવેલું છે. ત્યાં મહારાજે જમણા પગે સ્પર્શ કરી પાણીમાં થતી લીલનો નાશ કર્યો હતો. અને તળાવના પાણીને શુદ્ધ કર્યું હતું.

ઊંઝા ગામની બ્રાહ્મણ શેરીમાં જયકુંવર કરીને એક બ્રાહ્મણ બાઈ રહેતાં હતાં. તેમને ભગવાનની ભક્તિ કરવાનો બહું રસ હતો. પણ ઘરના કામમાં એટલા બધા વ્યસ્ત રહેતા હતા કે તેમને ભક્તિ કરવાનો સમય જ નહોતો મળતો. ત્યારે ભગવાને એક દિવસે તેમને દર્શન દીધા અને કહ્યું કે તમારે ફળાહાર કરીને રહેવાનું. તે પછી જયકુંવરબાઈ (ઉદેકુંવરબાઈ) રોજ એક શિંગોડું ખાઈને રહેતા હતા. અને ભગવાન તેમને નિત્ય દર્શન આપતા અને તેણે કરીને ખટ ઉર્મિ વ્યાપતી નહિ અને જીવન પર્યંત એમ ને એમ રહ્યું.

ઊંઝાના તળાવની શ્રીહરિએ લીલ મટાડી : એક સમયે શ્રીજી મહારાજ ઊંઝા ગામના પાદરમાં પધાર્યા હતા અને વડના વૃક્ષ હેઠળ ઊતર્યા હતા. સાથે ઘણા કાઠી અસ્વારો હતા. તે સમયે ઘોડા તરસ્યા થયા હતા. પછી મહારાજે કાઠી અસ્વારોને કહ્યું પેલું મોટું તળાવ દેખાય છે ત્યાં ઘોડાને પાણી પાઈ આવો. પછી બધા કાઠીઓ ઘોડાઓને લઈ ત્યાં પાણી પાવા ગયા અને તળાવમાં જોયું તો પાણી ઉપર એક વેંત જેટલી લીલ જામેલી હતી. અને પાણી તો દેખાતું જ નહોતું પછી તેઓ ઘોડાઓ લઈ પાછા આવ્યા અને મહારાજને વાત કરી કે તળાવમાં પાણી ઘણું છે પણ ઉપર લીલ બહું જામેલી છે. તે વખતે ગામના ઘણા માણસો પણ ત્યાં હતા. તે લોકો બોલ્યા કે આ તળાવ ને કોઈનો શાપ છે તેથી તે પાણીમાંથી લીલ કોઈ દિવસ મટતી નથી આમ તો તળાવ બહું મોટું છે અને બારે માસ ત્યાં પાણી ખૂંટતું નથી પરંતુ લીલના કારણે ઢોર જનાવર પણ તે પાણી પીતા નથી. આ સાંભળી શ્રીજી મહારાજ માણકી ઘોડી પર સવાર થઈને તે તળાવે ગયા. સાથે ગામના માણસો પણ તળાવે ગયા અને જ્યાં તળાવના પાણીનો સ્પર્શ ભગવાનના ચરણારવિંદને અડ્યો અને ત્યાંજ તળાવની લીલ ફાટવા લાગી અને તેના ફડાકા થવા લાગ્યા અને થોડીવારમાં આખા તળાવની લીલ દૂર થઈ ગઈ ! જે આજે પણ આ તળાવમાં ક્યાંય લીલ જોવા મળતી નથી. આવો અદ્‌ભુત ચમત્કાર ભગવાને ઊંઝા ગામમાં કર્યો હતો અને તળાવના પાણીને શુદ્ધ કર્યું હતું. ગામના માણસોએ આ પરચો જોઈને માન્યું કે આ તો સાક્ષાત્ સ્વામિનારાયણ પ્રગટ પુરૂષોત્તમ ભગવાન જ છે. આવી અદ્‌ભુત લીલાઓ ભગવાને ઊંઝા ગામમાં કરી હતી અને ઊંઝા ગામની ભૂમિને પાવન કરી હતી.

છપૈયામાં ભગવાનના પ્રાકટ્ય વખતે માર્કન્ડય ઋષિ આવ્યા તે સમયે તે તેમણે ભગવાનના કાન વિંધ્યા હતા અને ત્યારે ભગવાને તેમને કહ્યું કે તમારો અને અમારો મેળાપ થશે. અને જ્યારે ભગવાને ઊંઝા ગામના વરંડામાં ૧૮ સંતોને મહાદીક્ષા આપી હતી તેમાંના એક સંત મહાનુભાવાનંદ સ્વામી હતા.

અનુ. પેઈજ ૧૭નું....

સત્સંગ સુરભિ !!

તમારો આશરો જે છોડે તેનું કોઈ ઠેકાણું રહે નહિ. જેનું મન દૃઢ છે તે જાણીને તો જળમાં પડ્યો નથી પરંતુ જો અજાણે પડે તો તેના શા હાલ થાય તે કૃપા કરીને અમને કહો.''

મુક્તાનંદ સ્વામીની આવી સુંદર સ્તુતિ સાંભળી શ્રીહરિ અત્યંત પ્રસન્ન બન્યા.

શ્રીહરિએ સમગ્ર સભા પ્રત્યે કરુણાસભર દૃષ્ટિ કરી અને પછી સ્ફટિક સમવાણીમાં બોલ્યા : ''આનો ઉત્તર તો કઠણ છે અને વેદપુરાણના રહસ્યરૂપ છે તેનો ઉત્તર કરીએ છીએ કે પચાસ જોજન આ બ્રહ્માંડનો વિસ્તાર છે. તેનું નિશાન કોઈ તાકે તો ભૂલવાનો સંભવ જ નથી. તેમ પ્રગટ સ્વરૂપનો દૃઢ આશરો કરી તેમને તન, મન અર્પણ કરી દે અને હરિના દાસનો દાસ થઈને રહે, છળકપટ તજી દે તેને કાંઈ કરવાનું રહેતું નથી. નટ જેમ દોરડા પર ચાલે છે તે જો એક સૂરત રાખે તો નિર્વિઘ્ને ચાલ્યો જાય અને યશ પામે, પણ જો પડે તો ઠેકાણું રહે નહિ અને લોકો અપમાનિત કરે. મોક્ષનું કામ તો તેનાથી પણ ભારે છે. માટે કોઈ દિવસ ગબરગંડ રહેવુ નહિ. સુવર્ણ જેમ તપાવીને શુદ્ધ કરી શકાય છે તેમ જીવને સતત શોધતા રહેવું પણ ગાફેલ રહેવું નહિ. ગાફલ નો વિશ્વાસ અને સંગ કરવો નહિ. સમજીને ગુરુ કરવા અને જોઈ તપાસીને સંગ કરવો.''

આટલો બોધ આપીને શ્રીહરિ મૌન રહ્યા. ''પ્રગટ સ્વરૂપનો દૃઢ આશ્રય એ જ મોક્ષ માર્ગની ફળશ્રુતિ છે.'' આ સુંદર વચન - સર્વોપરિનું સાંભળી સહુ શ્રોતાજનો આશ્ચર્ય મુગ્ધ બની ગયા.

મુક્તાનંદસ્વામી સહિત સૌ સંતો અને ભક્તજનો ને શ્રીહરિના ''સદ્‌ગુરુ સ્વામી'' તરીકેના અલૌકિક દર્શન થયાં અને સ્વામીના કંઠમાંથી સ્વાભાવિક પણે સરી પડેલી આરતી સત્સંગની ''અભિભૂત આરતી'' બની રહી.

શ્રીહરિ સ્વરૂપના દૃઢ આશ્રયથી સંસાર સમુદ્ર અવશ્ય પાર કરી શકીશું. એવી સુગમ સિધ્ધિ આજે શ્રીહરિએ જાણે વહેતી કરી.

''મુક્ત તો આજ થયો છું'' એના અદ્‌ભુત કેફમાં મુક્તાનંદ સ્વામીના આનંદની કોઈ સીમા રહી નહોતી. કારણ :

''રૂડી મૂડી પામ્યા રોકડી રે, નહીં
ઉધારાની વાત
અમલ ભર્યા સહુ ઉચ્ચરે, પ્રભુ મળ્યા
સાક્ષાત્ !''

જાણવા જોગ

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તો ને ખાસ જણાવવાનું કે આપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તેવી પરંપરા ચાલી આવે છે. તે પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે સાવધાન રહેવું.

શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ ની આજ્ઞા પ્રમાણે દરેક આશ્રિત ગૃહસ્થ ભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે આવકમાંથી દશમો ભાગ (૧૦%) અથવા વીસમો ભાગ (૫%) ભગવાનને અર્પણ કરવો. અર્થાત્ પોતાના ધંધામાં ભગવાનને પાર્ટનર માનીને તેમનો ભાગ રાખવાથી ભગવાનનું નસીબ ધંધામાં કમાણી કરી આપે છે. ધર્માદો વર્ષમાં બે વખત ચોખે ચોખો ભગવાન શ્રીહરિએ સ્થાપેલા મહામંદિરોમાં અર્પણ કરી દેવો. ઉત્તરાયણ અને નૂતન વર્ષના દિવસોમાં નિષ્ઠાવાળા ભક્તો અવશ્ય ધર્માદો અર્પણ કરે છે. તેમાં સૌ ભક્તોએ પોતાનું નામ અવશ્ય લખાવી દેવું.

આજ્ઞાથી

લી. મહંત સ્વામી

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ

સર્વોપરિ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના દિવ્ય-શુભ સાનિધ્યમાં અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે તા. ૧૬ ડિસેમ્બરથી પવિત્ર ધનુર્માસનો શુભારંભ થયો છે. સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ મહામંત્રની અલૌકિક ધૂનથી સમગ્ર વાતાવરણ એટલું દિવ્ય બની જાય છે કે ધૂનમાં લાભ લેનાર સંત-હરિભક્તો ભગવાનની ધૂનમાં તન્મય બની જાય છે. વહેલી સવારમાં કડકડતી ઠંડીમાં હજારો ભાવિક ભક્તો દૂર-સૂદૂરથી જીવનનું મોક્ષનું ભાથું મેળવવા આવા પવિત્ર મહામંત્રની ધૂનનો લાભ લઈને જીવનને ધન્ય બનાવી રહ્યા છે. દર વર્ષે આખા માસની ધૂનના યજમાનો પણ સતત વધતા જાય છે. તેજ રીતે દૈનિક ધૂનમાં પણ લાભ લેનારની સંખ્યા ઉત્તરોત્તર વધંતી જાય છે. પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સુંદર માર્ગદર્શનથી શાસ્ત્રી ગૌલોક સ્વામી, કોઠારીસ્વામી ધર્મપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી, મથુરાના મહંત સ્વામી આનંદપ્રસાદાસજી, શા. વિશ્વવલ્લભદાસ આદિ સંતો-પાર્ષદો અને કોઠાર સ્ટાફ અને યુવા હરિભક્તોની સેવા ખરેખર અતિ સુંદર અને પ્રેરણાદાયક હોય છે. ભક્તજનો આપ જો આ ધૂનમાં ન આવી શક્યા હોય તો છેલ્લા બાકી રહેલા દિવસોમાં લાભ લેવાનું ચૂકતા નેહીં. જીવનમાં છેલ્લે કરવાનું વિચારતા વિચારતા વૃદ્ધાવસ્થામાં કાંઈજ નહીં થાય! માટે આજે આ દિવ્ય અવસર મળ્યો છે તો એથી રૂડો અવસર બીજો ક્યારે મળે તેનું કાંઈ નક્કી નહીં. માટે સુજ્ઞ ભક્તજનો આપ સૌ પરિવાર સહિત ધનુર્માસ ધૂનમાં લાભ લેશો. *(કોઠારી સ્વામી)*

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર ખાતે યોજાયેલ વિવિધ કાર્યક્રમો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાંનુસાર તેમના સ્થાને વિરાજમાન શ્રી નરનારાયણદેવ પીઠના દરેક આચાર્ય મહારાજશ્રીએ સંતોને સંસ્કૃતના વિદ્યાભ્યાસ માટે ખૂબજ અંગત રસ લઈને અનેક વિદ્વાન સંતો સંપ્રદાયમાં તૈયાર કરાવ્યા છે. વરસો સુધી સંસ્કૃત પાઠશાળા અમદાવાદ મંદિરમાં હતી. જે થોડા વરસોથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર વાડીમાં સ્થળાંતર થયું છે. જેમાં અમદાવાદ અને વડતાલ દેશના સંતો પાર્ષદો અને બ્રાહ્મણ બટુકો ત્યાંજ રહીને વિદ્યાભ્યાસ કરે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામી અને મહંત કે.પી. સ્વામીના માર્ગદર્શનથી પાઠશાળાના સંચાલક શા.સ્વા. હરિઊઁપ્રકાશદાસજી ની આગવી સૂઝ અને કલા કૌશલ્યતાથી પૂજ્ય લાલજી મહારાજશ્રીના યજમાન પદે પાઠશાળા પરિવાર દ્વારા શારદીય મહોત્સવનું સુંદર આયોજન ધામધુમથી સંપન્ન થયું. પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજી તથા શ્રી સરસ્વતી માતાનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા. ત્યારે વિદ્યાર્થીઓ અતિ ઉત્સાહમાં આવી ગયા હતા.

આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં જીવણ ભગતના રોટલાનું આબેહૂબ પ્રસંગ સંસ્કૃત ભાષામાં રજુ કર્યું હતું. યોગ અને વિવિધ વિષય પર સંતોએ અદ્‌ભુત પ્રવચન કર્યા હતા. દૈવં હિ બલવતરમ્ નામનું સંસ્કૃતમાં સુંદર નાટક જોઈને પૂ. મહારાજશ્રી અતિ રાજી થઈ બોલ્યા કે આવો કાર્યક્રમ ટાઉનહોલમાં જાહેરમાંજ કરવો જોઈએ. છેલ્લે પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પરીક્ષામાં ૧ થી ૩ ક્રમે ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ.

પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તરફથી તમામ સંતો-વિપ્રો અને પાર્ષદ વિદ્યાર્થીઓને માનસરોવરની યાત્રા નિમિત્તે રસોઈ આપવામાં આવી હતી. પૂ. મોટા મહારાજશ્રીએ સ્વયં પીરસીને સૌ વિદ્યાર્થીઓ પર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

રાજ્ય સ્તરીય સંસ્કૃત સંભાષણ સ્પર્ધા ગુજરાત સરકાર માન્ય સંસ્કૃત પાઠશાળાઓની વકતૃત્વ સ્પર્ધા આપણી પાઠશાળાના યજમાન પદે સ્પર્ધાનું સુંદર આયોજન પૂજ્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મંદિરના મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી કરવામાં આવેલ. જેમાં ૨૦ સંસ્થાના આશરે ૨૦૦ વિદ્યાર્થીઓએ કુલ ૮ વિષયમાં ભાગ લીધેલ. તા. ૨૦-૧૧-૦૬ થી ૨૨-૧૧-૦૬ પર્યન્ત સ્પર્ધા ચાલેલ. છેલ્લા દિવસે પ.પૂ. મહારાજશ્રી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ખાસ પધાર્યા હતા. આપણી પાઠશાળાના ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાંથી ૪ વિદ્યાર્થીઓએ પ્રથમ દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. વ્યાકરણમાં (પ્રથમ) સાધુ કુંજવિહારીદાસ ગુરુ સ્વામી જયપ્રકાશદાસજી (રાજકોટ) વેદાંતમાં તૃતીય તુષાર પી. લહેરૂ મોરબી, તથા સાધુ ચૈતન્યસ્વરૂપદાસ ગુરુ સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કોટેશ્વર) જ્યોતિષમાં તૃતીય સ્થાને અને સાધુ સુશાન્તદાસે ન્યાયશાસ્ત્રમાં તૃતીય સ્થાન મેળવ્યું છે. પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારને અનુક્રમે સુવર્ણ, રજત અને કાસ્યચંદ્ર સાથે પ્રમાણપત્ર પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે આપવામાં આવેલ. જે સંસ્થાના વિદ્યાર્થીઓના પોઈન્ટ સૌથી વધુ હોય તેને "વૈજયંતી" નામની

ટ્રોફી આપવામાં આવતી હોય છે. તે નિયમાનુંસાર શ્રી રમેશભાઈ ઓઝા સંચાલિત બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલયને ટ્રોફી આપવામાં આવેલ. સમગ્ર વ્યવસ્થા સંચાલકશ્રી શા. સ્વામી હરિઊઁપ્રકાશદાસજીના માર્ગદર્શનથી પાઠશાળાના પ્રધાનાચાર્યશ્રી તેમજ અધ્યાપક ગણ અને વિદ્યાર્થીઓએ કરી હતી. *(શા. વ્રજવલ્લભદાસજી જેતલપુર મંદિર)*

ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ દ્વારા આયોજીત રાજ્ય સ્તરની ક્રિકેટ સ્પર્ધાનું આયોજન તા. ૮-૧૨-૦૬ થી ૧૩-૧૨-૦૬ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલય જેતલપુર ખાતે યોજવામાં આવેલ. કુલ ૧૬ સંસ્કૃત પાઠશાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર અને અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય અંબાજી વચ્ચે ખરાખરીનો જંગ થયો હતો. જેમાં જેતલપુરની ટીમે પ્રથમ દાવ લઈ નિર્ધારિત ૨૫ ઓવરમાં ૧૦૪ રનનો જુમલો નોંધાવ્યો હતો. તેની સામે અંબાજીની ટીમે પણ ૨૫ ઓવરમાં ૧૦૪ રન કરતા બન્ને ટીમોને સંયુક્ત વિજેતા જાહેર કરાઈ હતી.

ફાઈનલ મેચમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર સાધુ હરિવલ્લભદાસને મેન ઓફ ધ મેચ અને સાધુ અચલપ્રકાશદાસને મેન ઓફ ધ સીરીઝ જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત કુલપતિશ્રી પંકજભાઈ જાની સાહેબ, વિજીલન્સ સચિવશ્રી બી.કે. ભટ્ટ સાહેબ, સં.મ.ના નિરીક્ષકશ્રી જે.પી. પ્રજાપતિ સાહેબ, ગુ.સે. શિ.મં.ના અધ્યક્ષશ્રી આર. કે. ત્રિપાઠીજી તેમજ મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને પૂ. પી.પી. સ્વામી ના હસ્તે વિજેતા બન્ને ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ક્રિકેટ સ્પર્ધામાં આપણી પાઠશાળાના ડૉ. વી.પી. મિશ્રાજી તેમજ સંચાલકશ્રી સ્વામી શ્રીહરિઊઁપ્રકાશદાસજી અને સમસ્ત મહાવિદ્યાલય પરિવારનો તમામ વ્યવસ્થામાં સિંહ ફાળો રહ્યો હતો.

આ સમારોહના અધ્યક્ષશ્રી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપણી પાઠશાળાના વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા છે. *(આચાર્યશ્રી, શ્રી સ્વા. સંસ્કૃત મહાવિદ્યાલય, જેતલપુર)*

માણસા

શ્રીજી મહારાજના ચરણ કમળથી અંકિત માણસા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ.ગુ. ભંડારી સ્વામી રામચરણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી શ્રી વલ્લભદાસજીની પ્રેરણાથી બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી તા. ૫-૧૨-૦૬ થી તા. ૧૧-૧૨-૦૬ સુધી "શ્રી ઘનશ્યામ બાલચરિત્ર"ની સપ્તાહ પારાયણનું શુભ આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી ગુરુ શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજી સુમધુર શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. પૂર્ણાહુતિના મંગલ દિવસે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના શુભ વરદ્ હસ્તે પૂર્ણાહુતિ કરી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સંચાલન સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી તથા પ.ભ. ઈશ્વરભાઈ પટેલે દિપાવ્યું હતું.

હિંમતનગરમાં સૌ પ્રથમવાર
પૂ. લાલજી મહારાજશ્રીનું શુભાગમન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભાશીર્વાદ સહ આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી હિંમતનગર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી તા. ૧૭-૧૨-૨૦૦૬ના રોજ પવિત્ર ભોલેશ્વર મહાદેવના વિશાળ પટાંગણમાં સુંદર શાકોત્સવ પ.ભ. સુમિત્રાબહેન એસ. રાવલ (માણસાવાળા)ના યજમાન પદે ઉજવાયો. આ પ્રસંગે સૌ પ્રથમ હિંમતનગરના હરિભક્તોને દર્શન દેવા પૂ. લાલજી મહારાજશ્રી પધારતા હોઈ તેમનું ખૂબજ ઉમળકા ભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. લાલજી મહારાજે સ્વયં શાકનો વઘાર કરી સૌ ભક્તોને રાજી કર્યા હતા.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના પ.ભ. જીતુભાઈ રાવલે પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

નાના સત્સંગી બાળકોએ પૂ. લાલજી મહારાજશ્રીને ફુલહાર પહેરાવી તેમના વરદ્ હસ્તે ટ્યુશન બેગ ભેટ મેળવી રાજી થયા હતા. છેલ્લે સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે શ્રી નરનારાયણદેવ આપ સૌનો સત્સંગ દૃઢ રાખી સુખીયા કરે અને પૂ. પિતાશ્રી વિદેશ ગયા હોઈ સૌ પ્રથમવાર જ એકલા આવવાનું થયું છે. એમ કહી અતિ પ્રસન્ન થયા હતા. આ પ્રસંગે સંત-પાર્ષદ મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. *(જીતુભાઈ રાવળ)*

હિંમતનગર મંદિરનો ૧૭ મો પાટોત્સવ ઉજવાયો.

હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૭ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ધામધુમથી ઉજવાયો હતો.

આ પ્રસંગે તા. ૨૬-૧૧-૦૬ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી હિંમતનગર પધારતા સંત-મંડળ- યજમાન પરિવાર અને શહેરના હરિભક્તોએ ખૂબજ ધામધુમથી સ્વાગત સામૈયું કર્યું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ મંદિરમાં પધારીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સભામાં બિરાજમાન થયા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. બાલકૃષ્ણભાઈ નારણદાસ સોની તથા તેમના સુપુત્ર શ્રી દિનેશભાઈ અને શ્રી પરેશભાઈએ (બેરણાવાળા) પૂ.

મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી કરી હારતોરા કરી આશીર્વાદ મેળવ્યા હતા. અગ્રગણ્ય હરિભક્તોએ પણ પૂ. મહારાજશ્રીને હારતોરા કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં અત્રેના મહંત સ્વામી, સ્વામી રઘુવીરચરણદાસજી (શોકલી) અને ડૉ. કે. કે. પટેલ આદિ સૌએ પ્રસંગોચિત પ્રવચન કરેલ.

છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

હિંમતનગરથી પૂ. મહારાજશ્રી બેરણાગામે પ.ભ. પરેશભાઈ ને ત્યાં અને ત્યાંથી પ.ભ. રામભાઈ કોદરભાઈ પટેલ અને પ.ભ. નિલેશભાઈ (નેત્રામણી)ની ફેકટરીએ પધરામણી કરીને સૌ ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(સાધુ હરિપ્રકાશદાસ)

અમરાઈવાડી શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૧ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી ઉજવાયો.

પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને હોમાત્મક મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં સૌ હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર આયોજન હિંમતનગરના મહંત શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજીની પ્રેરણાથી થયુ હતું. *(સાધુ હરિપ્રકાશદાસ)*

ઝુંડાલમાં ભક્તચિંતામણી પારાયણ

ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભાશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૨૫ મી જન્મ જયંતી નિમિત્તે સ.ગુ. વૈરાગ્ય મૂર્તિ શ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત ભક્તિ ચિંતામણી ગ્રંથને ૧૭૫ વર્ષ પૂર્ણ થતા હોઈ તે નિમિત્તે સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ની પ્રેરણાથી ગામ સમસ્ત હરિભક્તો અને શ્રીનરનારાયણ-દેવ યુવક મંડળ દ્વારા તા. ૧૨-૧-૦૬ ના રોજથી રોજ રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક દરમ્યાન ભક્ત ચિંતામણીની પારાયણ શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી (વડનગર)ના વક્તાપદે સંપન્ન થઈ. આ પ્રસંગે અમદાવાદથી કોઠારી સ્વામી, વિશ્વવલ્લભદાસ આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

દર અંગ્રેજી મહિનાના બીજા રવિવારે આજ સમયે પારાયણ ચાલુ રહેશે. *(પટેલ હિતેશ આર. શ્રી ન.ના.દેવ યુવક મંડળ)*

વિરમગામ

અત્રે વિરમગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી પ.ભ. બાબુભાઈ ત્રિકમભાઈ ઠક્કરના ત્યાં તુલસી વિવાહ અને જનોઈ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાએ પધારીને દિવ્ય લાભ આપેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તુલસી વિવાહની આરતી ઉતારી હતી. જ્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પ.ભ. બાબુભાઈના પૌત્રોને જનોઈ ગ્રહણ કરાવીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમસ્ત બહેનોને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(અવની એન. ઠક્કર)*

નારાયણઘાટ મંદિરમાં મારૂતિ યજ્ઞ સંપન્ન થયો

સંપ્રદાયની મહાન તીર્થભૂમિ શ્રી નારાયણઘાટના રમણીય પવિત્ર સુંદર કિનારે ભક્તોના કષ્ટ નિવારણ માટે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે મહાપ્રતાપી દેવ શ્રી કષ્ટભંજનદેવની સ્થાપના કરેલી છે. આ દિવ્ય સ્થાનમાં તા. ૯-૧૨-૦૬ ને શનિવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી પ.ભ. ગોવિંદભાઈ પટેલ તથા અ.સૌ. ગોમતીબેન પટેલ પરિવાર (અમેરિકા)ના યજમાન પદે મારૂતિ યજ્ઞનું સુંદર આયોજન પ.પૂ. મોટા મહારાજશ્રી ના વરદ્ હસ્તે (શ્રીફળ હોમીને) ધામધુમથી સંપન્ન થયું. આ પ્રસંગે યજમાન પરિવારના પ.ભ. રાજેશકુમાર અને પ.ભ. વિનોદકુમારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે સેંકડો સંતો અને મહેમાન હરિભક્તોને પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. *(બાલુ સ્વામી)*

મણીયોર મંદિરનો પ્રથમ પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે પ્રથમ પાટોત્સવ નિમિત્તે સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં ૫૦ હરિભક્તોએ લાભ લીધો હતો. ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઈડર, મહુન્દ્રા અને હિંમતનગરથી પધારેલા સંતોએ ભગવાનના માહાત્મ્યની સુંદર વાતો કરી હતી. હરિભક્તોએ સમૂહ પ્રસાદ લીધા પછી વાજતે ગાજતે ગામમાં શ્રીહરિની અસ્વારી કાઢવામાં આવી હતી.

(કોઠારી સત્યસંકલ્પદાસ)

કાલીયાણા ગામે પ્રસાદીના સ્થાનમાં છત્રી અને ચરણારવિંદની પૂજાવિધિ

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રીહરિ સંત-પાર્ષદો અને હજારો હરિભક્તોની ફોજ સાથે ગામોગામ વિચરણ કરી મુમુક્ષુઓને ધર્મોપદેશ આપી મોક્ષભાગી બનાવી રહ્યા હતા. આ પ્રસંગ ૧૭૫ વરસ પહેલાનો છે. મહારાજ જેતલપુર, ત્યાંથી શ્રી નગરમાં ત્યાં સૂબાને ચમત્કાર બતાવીને (અમદાવાદ) અનેક સ્થળે લીલા કરતા કરતા દંઢાવ્ય પ્રદેશમાં વિચરણ કરતા

કરતા કડી, રામપુરા, ભંકોડા થઈ વિરમગામ પાસેના કાલીયાણા ગામે ભક્તોના મનોરથ પૂર્ણ કરવા પધારેલા. શ્રીજી મહારાજનો પ્રતાપ તો જુઓ ! કાલીયાણામાં ફક્ત એકજવાર પધાર્યા છતાં ગામ આખું સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીનું વફાદાર અને નિષ્ઠાવાળું ગામ છે.

જે સ્થળે સર્વોપરિ શ્રીહરિ પધારેલા તે દિવ્ય અલૌકિક સ્થાનમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. બ્ર.સ્વામી જગતપ્રકાશાનંદજીની પ્રેરણાથી તથા જેતલપુર મંદિરના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામીના સુંદર માર્ગદર્શનથી ગામના સમસ્ત હરિભક્તોના સહયોગથી સુંદર કલા કારીગરી યુક્ત શિલ્પ શાસ્ત્ર મુજબ ભવ્ય છત્રીનું નિર્માણ કરાવીને ભગવાનના ચરણારવિંદનું સ્થાપન કરીને તા. ૧૨-૧૨-૦૬ના શુભ મંગળ દિને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે પૂજન વિધિનો કાર્યક્રમ ભવ્ય રીતે ધામધુમથી સંપન્ન થયો.

અહીંયા વરસો પહેલા પ.પૂ.ધ.ધુ. શ્રીવાસુદેવપ્રસાદજી મહારાજ પધારેલા ત્યારે જે છત્રી છે તેની બાજુમાં લીંબતરૂ નીચે સંત-હરિભક્તો સાથે અલૌકિક રંગક્રિડા કરેલી. જે દિવ્ય અને ભવ્ય પ્રસંગને આજેય સદીએ પહોંચેલા હરિભક્તો વાગોળે છે. આવા આ ગામના ભાગ્યનો કોઈ પાર નથી. તેવી અદ્ભુત લીલા આ ગામની છે. પ.પૂ.ધ.ધુ. મોટા આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આ ગામ પર અતિ કૃપા છે. સતત ત્રણ વાર ગામમાં ઘરોઘર પધરામણી કરીને ગામના હરિભક્તોને દિવ્ય લાભ આપ્યો છે. વર્તમાન આચાર્ય મહારાજશ્રી લાલજી મહારાજ સ્વરૂપે પધાર્યા ત્યારે પણ સમસ્ત ગામના હરિભક્તોના ઘરે પધરામણી કરીને ઘરને તીર્થરૂપ કર્યા હતા.

છત્રીના પૂજન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામથી બે કિલોમીટરના અંતરે શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૫૧ ભક્તોએ મોટર સાયકલ પર કેસરી સાફામાં સજ્જ થઈને પ્રાણથી પ્યારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું અદ્ભુત સામૈયું બેન્ડ વાજા-ઢોલ-ત્રાંસાના નારાઓથી અને અબીલ-ગુલાલ ની છોળો ઉડાડતા કીર્તનોની રમઝટ બોલાવતા દારૂખાનાના ગગન ભેદી અવાજો સાથે શોભાયાત્રા ગામમાં પ્રવેશી ત્યારે બહેનોએ પણ અક્ષત અને પુષ્પ થી પૂ.મહારાજશ્રીના વધામણા લઈને પોતાને ભાગ્યશાળી માનતા હતા. પૂ. મહારાજશ્રીએ છત્રી-ચરણારવિંદનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને ભાઈઓને બહેનોના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારવા પધાર્યા હતા.

મંદિરમાં પ્રાસંગિક સભામાં હરિભક્તો અને ટ્રસ્ટીઓએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સૌ ભક્તોએ ચરણ સ્પર્શ કરી દર્શનનો દિવ્ય લાભ લીધો હતો. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે યુવાનોને ગુરુમંત્ર અને પૂજા પેટી આપવામાં આવી હતી. દેશોદેશથી પધારેલા સંતોએ ભગવાનનું માહાત્મ્ય વિસ્તારપૂર્વક જણાવ્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તોને નિત્યે દર્શનનો લાભ લેવા અને સંપથી ભજન-ભક્તિ કરીને આ ચરણારવિંદ એ સાક્ષાત્ આપણા ઈષ્ટદેવના છે. જેના નીરખી નીરખીને દર્શન કરવા ખાસ આજ્ઞા કરી હતી.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ.પૂ. મહારાજશ્રી હરિભક્તને ઘરે પ્રસાદ ગ્રહણ કરી ગામને રૂડા આશીર્વાદ આપી સ્વસ્થાન પધાર્યા હતા. સંતો અને હરિભક્તો પણ પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(અરજણભાઈ મોરી)

રામપુરા ભંકોડા

ઈષ્ટદેવ સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાને જે ભૂમિ પર પધારીને તીર્થરૂપ બનાવેલ અને બાજરીનો રોટલો અને ચટણી-માખણ જમેલા અને પથ્થર પર સ્નાન કરેલું તેવા આ ગામમાં ધનુર્માસમાં પ્રાતઃ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં હરિભક્તો શ્રધ્ધા ભક્તિથી લાભ લઈ શ્રીહરિનું સ્મરણ કરે છે.

(અરજણભાઈ મોરી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાને ૨૫ વર્ષ પૂર્ણ થતા તેના ઉપલક્ષમાં તા. ૨૦-૧-૦૭ થી તા. ૨૪-૧-૦૭ પર્યન્ત રજત જયંતી મહોત્સવ ઉજવવાનું આયોજન કરેલ છે. આ પ્રસંગના ઉપક્રમે શ્રીજી મહારાજના "સર્વજીવ હિતાવહ" સંદેશ ગામોગામ સુધી પહોંચે તે માટે ગત વર્ષે કુલ ૨૫ ગામોમાં જાહેર સત્સંગ સભા કરવામાં આવી હતી.

જેમાં શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (માજી મહંતશ્રી છપૈયા) મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) નાના પી.પી. સ્વામી (કોટેશ્વર) શા.સ્વા. રામકૃષ્ણદાસજી, સ્વા. સત્યસંકલ્પદાસ (મૂળી) સ્વામી સત્યસ્વરૂપદાસ (કોટેશ્વર) આદિ સંત મંડળે દરેક સભાઓમાં હાજર રહીને ભગવાન સંબંધી વાતો કરીને શ્રી નરનારાયણદેવની નિષ્ઠા અને બળ મળે તેવા સુંદર પ્રયત્નો કરીને અનેક મુમુક્ષુઓને ભગવાન ઓળખાવ્યા છે.

ગામો-શહેર-પરા વિસ્તારમાં વરસ દરમ્યાન થયેલી સભા (૧) શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા (૨) નિર્ણયનગર (૩) ભાર્ગવ સોસા. અમદાવાદ (૪) શ્રી સ્વા. બાળ મંદિર ગવાડા (૫) અંબાજી માતા મંદિર ચોક ગવાડા (૬) ગેરીતા (૭) પામોલ (૮) મહાદેવપુરા (૯) રામનગર (૧૦) માંધવગઢ (૧૧) સોખડા (૧૨) ખણુસા

(૧૩) ઉબખાલ (૧૪) કુકરવાડા (૧૫) રિદ્રોલ (૧૬) ફતેહપુરા (૧૭) આનંદપુરા (વેડા) (૧૮) દેલવાડા (૧૯) રણાસણ (૨૦) માણકેપુર (૨૧) ઈશ્વરપુરા (બદપુરા) (૨૨) આજોલ (૨૩) દેલવાડા (૨૪) પુંધરા (૨૫) શાહીબાગ અમદાવાદ. દરેક વિસ્તારના હરિભક્તોએ ખૂબજ સહકાર આપી સભામાં જોડાયા હતા. ગવાડાના હરિભક્તો દરેક સભામાં જોડાયા હતા. *(શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા ગામ સમસ્ત)*

ધોળકા મંદિરમાં ધનુર્માસિ ધૂન

શ્રીહરિ પ્રસ્થાપિત ધોળકા શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજની સાનિધ્યમાં અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-રાજીપાથી અત્રેના મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી ધનુર્માસમાં પ્રાતઃ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનથી સમસ્ત ગામનું વાતાવરણ દિવ્ય બન્યુંછે. હરિભક્તો પરિવાર સહિત લાભ લે છે. સંત પાર્ષદ મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણા લેવા જેવી છે. *(ભરત ભગત)*

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળીમાં જ્ઞાન વાવે શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી માગસર વદ અમાસના મૂળીની પ્રસાદી ભૂત જ્ઞાનવાવે સુરેન્દ્રનગર સત્સંગ સમાજ તરફથી ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્ય સંકલ્પ સ્વામી આદિ સંતોએ કથા વાર્તા કરી હતી. કોઠારી સ્વામીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે આયોજન કર્યું હતું. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

લીંબડી તપોવન મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંત-હરિભક્તો ધનુર્માસમાં ધૂન-કીર્તન કથા-વાર્તા કરીને હરિભક્તોને સુંદર લાભ આપે છે. *(જસમતભાઈ)*

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા (U.S.A.)
શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગ પ્રવૃતિ સરસ ચાલે છે. આપણા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના માર્ગદર્શનથી "શ્રી સ્વામિનારાયણ સિરીયલ" મૂળ સંપ્રદાયની પરંપરા મુજબ તૈયાર કરવામાં આવી છે. જે અગાઉ ટી.વી. ચેનલ પર પ્રસારિત થઈ હતી. (હાલ તેના બધાજ એપિસોડની DVD પ્રકાશીત કરવામાં આવી છે. જેને ખૂબજ સારો પ્રતિસાદ મળ્યો છે.) આ સિરીયલના ડાયરેકટર શ્રી દેવાંગ પટેલ આપણા મંદિર દર્શનાર્થે આવેલ. જેઓએ સુંદર કાર્યક્રમ આપેલ. જેમણે સભામાં જણાવ્યું કે પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની કૃપા અને આશીર્વાદના બળે આવું ભગીરથ કામ શક્ય બન્યુ છે. ખરેખર છપૈયા જેવા અલૌકિક ધામઅને અયોધ્યાની દિવ્ય ભૂમિ જ્યાં જ્યાં બાળ ઘનશ્યામ પ્રભુએ અનેક સ્થળે લીલા કરેલ તે દરેક તીર્થસ્થાનમાં સામાન્ય બીન સત્સંગીને પણ ભગવાનના દર્શનની પ્રતિતિ થયા વિના રહે નહી તેવા છપૈયા અયોધ્યાના અનુભવો જણાવ્યા હતા. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને મંદિરની કમિટી દ્વારા તેમનું સન્માન કરવામાં આવેલ.

દિપોત્સવીના શુભ દિને આપણા મંદિરમાં શ્રી હનુમાનજીનું પૂજન-શારદા પૂજન-ચોપડા પૂજન અને અન્નકૂટ ધામધુમથી ઉજવાયા હતા. નૂતન વર્ષે ૧૨૧ યજમાનોએ નાના દિવાઓ પ્રગટાવીને ભગવાનની આરતી ઉતારી હતી. અન્નકૂટના દિવસે પણ યજમાન પરિવારે આરતીનો મહા દિવ્ય લાભ લીધો હતો. ઠાકોરજીના દર્શન માટે આ દિવસે ખૂબજ ભીડ હતી. બપોરના ૧ થી ૭ સુધી દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. મહંત સ્વામી દેવપ્રસાદદાસજીએ યજમાનો અને સ્પોન્સર કરનારને ભેટ પુષ્પ અને ભગવાનની મૂર્તિ ભેટ આપી હતી.

સ્વામીએ સભામાં જણાવ્યું કે આવા ઉત્સવો દર વર્ષે આથી પણ વિશેષ થવા જોઈએ. તો જ શ્રીજી મહારાજ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આપણા ઉપર વિશેષ રાજી થાય. છેલ્લે જનમંગલના સમૂહ પાઠ અને ધૂન કરી કાર્યક્રમ પૂર્ણ થયો થયો હતો.

<u>તુલસી વિવાહ</u> નું સુંદર આયોજન કારતક સુદ-૧૫ ના સાંજના ૪ થી ૯ વાગ્યા સુધી કરવામાં આવેલ. બન્ને પક્ષના યજમાનોએ આજે અલૌકિક લાભ લીધો હતો. ભૂદેવો દ્વારા સરસ સંસ્કૃતમાં શ્લોકો અને અંગ્રેજીમાં પણ માહાત્મ્ય સમજાવ્યું હતું. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને કમિટીના સભ્યોએ અમદાવાદથી પધારેલા શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજીનું સ્વાગત કર્યું હતું. સૌ હરિભક્તોએ છેલ્લા એક વર્ષથી સેવા પૂજા કરતા મહંત સ્વામી દેવસ્વામી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઈન્ડિયા પધારતા હોઈ તેમનું પણ સૌ હરિભક્તોએ સ્વાગત સન્માન કર્યું હતું. મહંત સ્વામીએ તુલસીજીનું માહાત્મ્ય સાથે આવા ઉત્સવોની પરંપરાની સુંદર વાત કરીને યજમાન પરિવારનું સન્માન કર્યું હતું. સભામાં પ.પૂ. માતુશ્રીના અક્ષરધામ ગમનના સ્મરણાંજલિ પત્ર સ્વામીએ સભામાં વંચાવ્યો હતો. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના નૂતન વર્ષના આશીર્વાદ પત્ર વાંચવામાં આવેલ. *(પ્રવિણભાઈ શાહ)*

લોંસ એંજલસ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દ્રઢો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના મહંત શા.સ્વામી કેશવચરણદાસજીની પ્રેરણાથી મંદિરમાં વિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ દેવોના પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૮-૧૨-૦૬ થી ૧૦-૧૨-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ ઘનશ્યામ સ્વામીના વક્તાપદે થઈ. તેમણે કથામાં આવતા પ્રસંગોને આબેહૂબ વર્ણન કરીને શ્રોતાઓને રસ તરબોળ કર્યા હતા. પાટોત્સવના મુખ્ય યજમાનશ્રી અરવિંદભાઈ નારણભાઈ તથા કથાના મુખ્ય યજમાન પ.ભ. ઈશ્વરભાઈ ચૌધરી રહ્યા હતા. દરેક પ્રકારની સેવામાં વિવિધ યજમાનોએ લાભ લીધેલ. ૧૦ ડિસેમ્બરના ઠાકોરજીના અભિષેકના દર્શન કરી હરિભક્તો ભાવવિભોર બની ગયા હતા. ઠાકોરજીના શણગાર ખૂબજ ભવ્ય અને અલૌકિક હતા. પ્રાસંગિક સભામાં શિકાગોથી પધારેલા શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી અને મહંત શા.સ્વામી કેશવચરણદાસજીએ પ્રસંગોચિત્ત પ્રવચન કરેલ. ઠાકોરજીની પ્રસાદીની કંઠીની ઉછવણીમાં હરિભક્તોએ ઉમંગમાં આવી સારો લાભ લીધો. પ.ભ. સુરેશભાઈ નારણભાઈ પટેલે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રામાં ભગવાનની ચિત્ર પ્રતિમાની ઉછવણીમાં અગ્રેસર રહી લાભ લઈ ધન્ય બન્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સરસ ચાલે છે. *(નટુભાઈ પટેલ)*

વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

૨૫ મી નવેમ્બરના શનિવારે સાંજના ૨॥ કલાક સભામાં ભજન-કીર્તન અને વચનામૃત વાચન નિત્ય નિયમ અને થાળ-આરતી સમૂહમાં કર્યા હતા. હરિભક્તોની સંખ્યા ઘણી સારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સુંદર થાય છે. *(કનુભાઈ પટેલ)*

કર્નિ મંદિરમાં ફ્રી મેડીકલ ચેકઅપ તથા સેવા સંસ્થા દ્વારા પ્રદર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી આપણી સેવા સંસ્થા I.S.S.O. દ્વારા ડિસેમ્બરનાપહેલા વિકમાં કર્ણી મંદિર ન્યુજર્શીમાં મેડીકલ કેમ્પમાં સેવા મેડીકલ ક્લિનિકના કાર્યકરો દ્વારા બોન મેરોડ્રાઈવ તથા કેન્સરના અટકાવ માટે એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્નિ મંદિરના મેડીકલ કેમ્પમાં આ પ્રદર્શન ગોઠવાયું હતું. જેનો અનેક ભક્તો દ્વારા લાભ લેવાયો હતો. કર્નિ મંદિરના ફ્રી મેડીકલ કેમ્પમાં મુખ્યત્વે, ડેન્ટીસ્ટ ડૉ. હિના નાયક, ડૉ. હિતેશ કે. પટેલ તથા ડૉ. મિત્રા કે. ઓબ્લાઈન્ડ એસોસીએશન તરફથી ખાસ આંખોના રોગ માટે ચેકઅપ કરવા આવ્યા હતા. લગભગ ૨૦ ભક્તોએ તેમના દાંતની ચકાસણી અને નિદાન ડેન્ટીસ્ટ હિના નાયક દ્વારા કરાઈ હતી. જ્યારે આંખના ચેકઅપ માટે બન્ને ડૉકટર દ્વારા ૧૮ ભક્તોને અભિપ્રાય મળ્યો હતો. ૨૦ દર્દીઓએ જનરલ મેડીકલ ચેકઅપનો લાભ લીધો હતો. તેમને જરૂરી દવાઓ પણ ફ્રીમાં આપવામાં આવી હતી. જે ડૉ. શશીકાંત પટેલ દ્વારા થઈ હતી. કોલોસ્ટર્સ તથા બ્લડ ચેકીંગ, ડાયાબીટીસ, બ્લડ પ્રેસરની ચકાસણી પણ આ કેમ્પ દ્વારા થઈ હતી. સર્વ પ્રકારના નિદાન માટે લગભગ ૪૫ વ્યક્તિઓએ લાભ લીધો હતો. સર્વે નિદાન થઈ ગયા બાદ સૌ સેવા સંસ્થાના કાર્યકરો દ્વારા બોનમેરો ડ્રાઈવ માટે અંકિત, આનંદ પટેલ અને નરેન કે જેઓ લ્યુકેમીયાના દર્દ માટે બ્લડની જરૂર હોઈ જુદા જુદા ભક્તો દ્વારા ટેસ્ટ કરવાયો હતો. આશિષ સોની દ્વારા કેન્સર થતું અટકાવવા માટે શું કરી શકાય અને તમાકુ, ચૂનો, પાન પરાગ, ગુટકા, તુલસી ગુટકા, કૂબેર તમાકુ, મોર છાપ તમાકુ, માણેકચંદ વિગેરેમાં મોં દ્વારા સેવન કરવાથી જીભ તથા મોમાં કેન્સર અને શરીરના અવયવોમાં કેવું નુકસાન થાય, તથા શરીરની ચામડીને નુકસાન ન થાય તે વિષે પણ સમજ આપવામાં આવી હતી. સીગરેટ, બીડી, દારૂ, ગાંજો, ચલમ વિગેરે પીવાથી ભયાનક ઝેરી રસાયણો તેમાં હોવાથી શરીરની સ્થિતિ શું થાય તેનાથી એઈડસ, અલ્સર, હાથ-પગમાં ગાંઠો, અને અસંખ્ય નુકસાન થતુ હોય છે. તેની સાવચેતી કેવી રીતે લેવી તે વિષે આપણા સૌ કાર્યકરો દ્વારા સમજ આપવામાં આવી હતી. આવી બધી ટેવો ન પડે અને તેનાથી બચવા માટેના શું ઉપાયો કરવા અને પોતાની તથા અન્યની લાઈફ બચે તે માટે સર્વે કાર્યકરોએ આ સુંદર પ્રદર્શન તથા ડેમોન્સ્ટ્રેશન દ્વારા સમજણ આપવામાં આવી હતી. આરતીબાદ કર્ણી મંદિરના સ્કૂલના બાળકો પણ આ પ્રદર્શન જોવા આવ્યા હતા. તેમને પણ અંગ્રેજી-ગુજરાતી ભાષા દ્વારા સરસ સમજ અપાઈ હતી. ફિલ્મો તથા તેનું અનુકરણ બાળકો દ્વારા તુરત જ થાય છે. તે માટેનો ખ્યાલ પણ જુદા જુદા પિકચર દ્વારા અપાયો હતો. આ સર્વેથી સાવધાન રહેવા માટે ખાસ અનુરોધ બાળકો તથા તેમના વાલીઓને કરવામાં આવ્યો હતો. આ રીતે આમ આવા આ ત્રીજા પ્રદર્શન દ્વારા સૌને પોતાના શરીરની સંભાળ રાખવા જણાવાયુ હતું. અંતે મેડીકલ કેમ્પ બપોરના પૂરો થતા સર્વે ભક્તો-કાર્યકરો અને સ્કૂલના બાળકોને મહાપ્રસાદનો લાભ મંદિર તરફથી મળ્યો હતો. *(કોલોનિયા સ્વામિનારાયણમંદિર સેવા સંસ્થાના કાર્યકરો વતી)*

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૧૧-૦૦	શ્રી પંકજભાઈ લાલાભાઈ પટેલ મુકેશભાઈને ગ્રીનકાર્ડ મળવા નિમિત્તે	આણંદપુરા
૧૦૧-૦૦	શ્રી અંબાલાલભાઈ સોમદાસ પટેલ ચિ. શૈલેષના લગ્ન પ્રસંગે	વડુવાળા (અમેરિકા)
૧૦૧-૦૦	શ્રી કાંતિલાલ ચંદુલાલ પટેલ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પર્વ તુષારભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	જમીયતપુરા
૧૧૧-૦૦	શ્રી મેધાબેન તીમીરકુમાર યુ.કે. માં (એડનબર્ગ) જોબ મળી તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ ઠક્કર તેમની પુત્રીના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ અરજણભાઈ પટેલ ચિ. ગૌરાંગ અમેરિકા ગયા તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	નિકીતાબેન નિકુંજકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી મૃદુલાબેન ભૂપેન્દ્રકુમાર પાઠક ભાનુબેનના સ્મરણાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કૌશિકકુમાર જયંતીલાલ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	મારૂસણા
૨૫૧-૦૦	શ્રી રૂપેન ધીરુભાઈ સિંધવ જોબ મળી તેના પ્રથમ પગાર નિમિત્તે	હાંસોલ (બળોલવાળા)
૧૦૧-૦૦	શ્રી દર્શિત ધનંજય પટેલ ચિ. મનના જન્મ દિવસ નિમિત્તે	જમીયતપુરા
૧૦૧-૦૦	શ્રી અશ્વિનભાઈ ચંદુલાલ ચૌહાણ નવું એકટીવા લીધું તે નિમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી હર્ષદકુમાર હરિલાલ ઠક્કર શ્રી નરનારાયણદેવની કૃપાથી ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અમૃતલાલ મગનલાલ મોદી કલાવતીબેનના મોતીયાના ઓપરેશન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	અ.નિ. અ.સૌ. શાંતુભાઈ કાળુભાઈ વાઘાણીના સ્મરણાર્થે	ગાંફ
૧૫૧-૦૦	શ્રી મહેન્દ્રકુમાર નરોત્તમભાઈ પટેલ નવી વેગનઆર ગાડી લાવ્યા તે નિમિત્તે	દેઉસણા
૧૦૦-૦૦	શ્રી અપૂર્વભાઈ નટવરલાલ પટેલ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી નારાયણભાઈ પુંજલદાસ પટેલના સ્મરણાર્થે હા. શ્રી જયંતીભાઈ, મુકેશભાઈ	દેઉસણા
૧૦૧-૦૦	શ્રી મિતેશભાઈ બાબુલાલ પટેલ ફાર્મસીમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	ચડાસણા
૨૦૧-૦૦	શ્રી બાબુલાલ સોમદાસ પટેલ બન્ને ચિ. દીકરીઓના લગ્ન પ્રસંગે	ડિગુંચાવાળા
૧૦૧-૦૦	શ્રી મિતેશભાઈ અશોકભાઈ પટેલ બાબાને સ્કુલમાં એડમીશન નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી ધર્મેશભાઈ નવિનચંદ્ર ચૌહાણ નવી બાઈક લીધી તે નિમિત્તે	નવસારી (જામસરવાળા)
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ શ્રીહરિકૃપાથી નવી દુકાન લીધી તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી મનોજભાઈ મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	ડીંડોર કૈલાશબેન અજયકુમાર શ્રીજી પ્રસન્નાર્થે	વડોદરા
૧૦૧-૦૦	શ્રી ભરતભાઈ હરિલાલ ચૌહાણ નવી ગાડી લીધી તે નિમિત્તે	ધૂળકોટ (સુરત)
૧૫૧-૦૦	શ્રી ચમનલાલ કુવરજીભાઈ મારવી ચિ. ઉમેશ-પ્રિયેશ સેન્ટ્રો ગાડી લાવ્યા તે નિમિત્તે	જીરાગઢ-સુરત
૧૦૧-૦૦	શ્રી નિલેશકુમાર દયાળજીભાઈ ટાંક નવી મારૂતી લાવ્યા તે નિમિત્તે	જીરાગઢ-સુરત
૧૦૧-૦૦	શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હર્ષદભાઈ નરસીભાઈ પટેલ ચિ. વૈશાલીબેનના લગ્ન પ્રસંગે	કલ્યાણપુરા
૧૦૧-૦૦	શ્રી પોપટભાઈ મોતીભાઈ પટેલ નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી તુષાર એમ. પટેલ નોકરી મળી તે નિમિત્તે	મોડાસા
૨૦૧-૦૦	ચિ. અમિતા, ચિ. દિલીપકુમાર, ચિ. અનિલ અને ચિ. બીનાના લગ્નને એક વર્ષ થયું તે નિમિત્તે	બાલવા
૧૦૧-૦૦	શ્રી દર્શનકુમાર નિલેશભાઈ દયાળજીભાઈ ટાંક પૂ. મહારાજશ્રીએ નામ કરણ કર્યું તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી રિન્તુબેન સોહિલકુમાર પટેલ એમ્બ્રોડરી શિખ્યા તે નિમિત્તે	કણભા
૧૦૧-૦૦	શ્રી સવિતાબેન જયંતીલાલ પટેલ અમેરિકા મમતાબેનના નવા સ્ટોર નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	શ્રી હરેશ બાબુલાલ વરૂ શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી વાલજીભાઈ મુળજીભાઈ રાઠોડ ચિ. પરેશ તથા હિતેશના જન્મ દિન નિમિત્તે	મુંબઈ (જીરાગઢ)

૧૦૧-૦૦	શ્રી સિધ્ધાર્થ દિલીપ ચૌહાણ જન્મદિન નિમિત્તે	જીરાગઢ
૨૫૧-૦૦	શ્રી રમેશભાઈ મથુરદાસ પટેલ ચિ. ધર્મેન્દ્ર તથા જીગરના લગ્ન નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦	સેંજલીયા રમેશ ધીરૂભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી ચિમનલાલ નારણદાસ પટેલ (ટેલીફોનવાળા) નવા મકાનમાં હોમાત્મક મહાપૂજા નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી અનીલભાઈ મહેતા પુલ્હાશ્રમ યાત્રા નિમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી જગદીશભાઈ શંભુભાઈ અમીન ચિ. જસ્મીન M.Fam ના અભ્યાસ માટે અમેરિકા ગયા તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી મોહનલાલ ઓચ્છવલાલ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી દિલીપભાઈ શંકરલાલ બ્રહ્મભટ્ટ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી નારણભાઈ મનસુખભાઈ પટેલ નવું કારખાનું લીધું તે નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી રામજીભાઈ નાથાભાઈ પટેલ નવી મોટર સાયકલ લીધી તે નિમિત્તે	રાયણીયા
૧૦૧-૦૦	શ્રી ખુમાનસંગ હેમાજી ચૌહાણ નવી મોટર સાયકલ લાવ્યા તે નિમિત્તે	ટાંકીયા
૧૦૧-૦૦	શ્રી મિતેશભાઈ તથા પ્રશાંતભાઈ પાઠક નવું બાઈક લીધું તે નિમિત્તે	ભાવનગર
૧૦૧-૦૦	શ્રી જીતેન્દ્રભાઈ જયંતીલાલ વડોદરીયા જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હરેશભાઈ અમરશીભાઈ સિંધવ નોકરી મળી તે નિમિત્તે	બળોલ (ભાલ)
૫૦૧-૦૦	ડૉ. પી. એમ. પટેલ ચિ. પરાગને ફાર્મસીના ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	માણસા
૫૦૧-૦૦	શ્રી સીતાબેન ભક્તિભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કરજીસણ
૧૦૧-૦૦	શ્રી કૃષ્ણ વિઠ્ઠલભાઈ વેકરીયા લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	ગાંધીનગર
૧૧૧-૦૦	શ્રી વિપુલકુમાર ધરમશીભાઈ ચિ. હેતના જન્મ દિન નિમિત્તે	જાદવપુરા
૧૦૧-૦૦	શ્રી નટવરભાઈ નરોત્તમદાસ પટેલ ચિ. મયુરના લગ્ન પ્રસંગે	મોટપ
૧૫૦-૦૦	શ્રી અંકિત હસમુખભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નૈનેશભાઈ જેઠાભાઈ નાનજીભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	ડુંગરી
૧૦૦-૦૦	શ્રી દલસુખભાઈ પટેલની ભાણી ગોપીબેનને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	રણછોડપુરા
૧૧૧-૦૦	શ્રી અરવિંદભાઈ પરસોતમદાસ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ઉવારસદવાળા
૧૦૦-૦૦	શ્રી ઘનશ્યામભાઈ મગનભાઈ ચૌહાણ નવું કોમ્પ્યુટર લીધું તે નિમિત્તે	નવસારી
૫૦૧-૦૦	શ્રી આશિતકુમાર રમેશચંદ્ર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રનેલા
૨૦૧-૦૦	શ્રી ઘનશ્યામ નવિનભાઈ આર. મારફતીયા તેમના મોટા બેન ચંદ્રિકાબેન ચંદ્રકાંતભાઈનું મગજનું ઓપરેશન સફળ થવા નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મન શૈલેષકુમાર ડાહ્યાભાઈ કોઠારી બાબરી નિમિત્તે	ડેમાઈ
૨૦૧-૦૦	શ્રી દિપ્તિબેન ભરતભાઈ કાંતિલાલ યુ.એસ.એ. ના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી સોનલબેન ભીખાભાઈ પટેલ પી.એચ.ડી. માં એડમીશન મળવા નિમિત્તે	રાયસણ
૧૦૧-૦૦	અ.નિ. પુતળીબા સિંધવના સ્મરણાર્થે (હ. સોનલબેન બી.)	બળોલ (ભાલ)
૧૦૧-૦૦	શ્રી રમેશચંદ્ર નારણભાઈ પટેલ પાંચમી પુણ્યતિથિ નિમિત્તે	સોજા
૧૦૦-૦૦	અ.નિ. શાંતાબેન દુદાભાઈના સ્મરણાર્થે	સીમરણ
૧૦૧-૦૦	શ્રી જયંતીભાઈ બેચરભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ઝુંડાલ (સાબરમતી)
૧૦૦૧-૦૦	શ્રી જયંતીભાઈ બેચરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઝુંડાલ (સાબરમતી)
૧૦૧-૦૦	રૂતુન, મમતા, નિતિન વાલાણી પરિવાર શ્રી નરનારાયણદેવને વાઘા કરાવ્યા તે નિમિત્તે	લંડન (યુ.કે.)
૧૦૧-૦૦	ભાવસાર નલિનકુમાર અંબાલાલ નવુ મકાન લીધું તે નિમિત્તે	ચાંદખેડા
૧૦૧-૦૦	ભાવસાર જયનિશ દિનેશકુમાર જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ મગનભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	ભવ્ય મિતેશકુમાર ઠક્કર બાબરી નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	ભવ્ય જિજ્ઞેશકુમાર પટેલ બાબરી નિમિત્તે	દહેગામ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

કારતક સુદ-૨ અ.નિ. પ.ભ. રમેશભાઈ શંકરલાલ ગજ્જર ● અ.નિ. પ.ભ. કેશરબાઈ કુંવરજી. **કારતક સુદ-૩** અ.નિ. પ.ભ. દિલીપભાઈ છગનભાઈ કાળીદાસ, આણંદ. **કારતક સુદ-૪** પ.ભ. રતીલાલ ખેમાભાઈ પટેલ, સંતરામપુર. **કારતક સુદ-૫** પ.ભ. અમિતકુમાર મણિલાલ પટેલ ● પ.ભ. પટેલ જયેશભાઈ ગોવિંદભાઈ **કારતક સુદ-૯** પ.ભ. મથુરદાસ વ્રજલાલ, ડાંગરવા. **કારતક સુદ-૧૦** પૂ.માતુશ્રીની રસોઈ ● અ.નિ. સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી ત્રયોદશા નિમિત્તે. **કારતક સુદ-૧૧** પૂ. માતુશ્રીના સ્મરણાર્થે (પ.ભ. ધીરૂભાઈ સોની), વાઘોડીયા. **કારતક સુદ-૧૩** અ.નિ.પ.ભ. મૂળચંદભાઈ કેશવલાલ તથા અ.નિ.પ.ભ. માણેકલાલ કેશવલાલ ● શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ નિમિત્તે પ.ભ. સુભાષભાઈ રાવજીભાઈ, ઉવારસદ. પટેલ **કારતક સુદ-૧૪** પ.ભ. મનહરભાઈ. **કારતક સુદ-૧૫** પ.ભ. હંસાબેન પટેલ.

કારતક વદ-૧ પ.ભ. રજનીકાંતભાઈ શામળદાસ પટેલ. **કારતક વદ-૨** પ.ભ. જીવીબેન શિવાભાઈ પટેલ, પ.ભ.ચુનીભાઈ શિવાભાઈ પટેલ ● અ.નિ.પ.ભ. બેચરભાઈ રેવાભાઈ, વિહાર ● પ.ભ. કરશન રામજી વરસાણી ● પ.ભ. વિશાલ ડી. સોની. **કારતક વદ-૪** અ.નિ.પ.ભ. નિર્મલાબેન વિઠ્ઠલભાઈ સોલંકી. **કારતક વદ-૭** પ.ભ. પટેલ શાંતિલાલ રણછોડદાસ ● પ.ભ. પટેલ ગીરીશભાઈ પરસોત્તમદાસ, ઉવારસદ ● પ.ભ. પટેલ શંકરભાઈ કાયાભાઈ. **કારતક વદ-૮** અ.નિ. સ્વા. નારાયણચરણદાસજી (હ. ઘનશ્યામ સ્વામી, ધ્રાંગધ્રા), ડાકોરવાળા ● પ.ભ. હિરાલાલ કાનજી ડબાસીયા. **કારતક વદ-૧૨** અ.નિ. પટેલ અંબાલાલ ચતુરભાઈ, અ.નિ. સાકરબેન પટેલના સ્મરણાર્થે, પોર ● અશ્વિન એન્ડ જ્યોત્સના, માલપુરા-દુબઈ. **કારતક વદ-૧૩** પૂ. માતુશ્રીની માસિક પુણ્યતિથિ નિમિત્તે (હ. સાં.યો. ઉષાબા તથા સાં.યો. રાજકુંવરબા બહેનોનું મંદિર મોરબી). **કારતક વદ-૧૪** અ.નિ.પ.ભ. કમળાબેન ચુનીભાઈ પટેલ, ગામડી ● અ.નિ.પ.ભ. રણછોડભાઈ મોહનભાઈ. **કારતક વદ-૩૦** અ.નિ.પ.ભ. ધનજીભાઈ રામજીભાઈ રાબડીયા ● પ.ભ. નરસિંહભાઈ મણીભાઈ પટેલ, સાંથળ.

માગસર સુદ-૧ અ.નિ.પ.ભ. દયાળજીભાઈ ગગજીભાઈ પટેલ નિરમાવાળા (હ. શ્રી સંદિપભાઈ ચોકસી) **માગસર સુદ-૨** પ.ભ. પટેલ નરેશકુમાર બાબુભાઈ શ્રીરામ ફાર્મ. (લંડન). **માગસર સુદ-૩** પ.ભ. પ્રેમબાઈ મૂળજી નાથા. **માગસર સુદ-૭** અ.નિ.પ.ભ. મધુકાંતાબેન ભગવાનદાસના સ્મરણાર્થે, વડોદરા ● અ.નિ.પ.ભ. પુરીબેન મનજી કેરાઈ. **માગસર સુદ-૧૨** પ.ભ. સોનલબેન (હ. કાંતિભાઈ), મોખાસણ ● પ.ભ. કાનજીભાઈ ભીમજીભાઈ રાઘવાણી, અ.નિ.પ.ભ. વેલબાઈ કાનજીભાઈ રાઘવાણી ● પ.ભ. કર્મળા કુંવરજી રવજી ● અ.નિ.પ.ભ. માણેકલાલ કેશવલાલ, અ.નિ.પ.ભ. મૂળચંદલાલ કેશવલાલ.

માગસર વદ-૨ પ.ભ. ગજરાબેન નારાયણભાઈ. **માગસર વદ-૫** પ.ભ. જગદીશભાઈ પટેલ, લવારપુર ● પ.ભ. શામજી લાલજી, બળદીયા (કચ્છ). **માગસર વદ-૬** પ.ભ. મનસુખભાઈ પટેલ ● પ.ભ. જગદીશભાઈ હરગોવનદાસ, માણસા. **માગસર વદ-૧૨** પ.ભ. મુકુન્દભાઈ ભોગીલાલ મોદી (હ. પરેશભાઈ મુકુંદભાઈ મોદી), ઓચ્છવીયા ● પ.ભ. ડાહ્યાભાઈ નારણદાસ પટેલ, માણસાવાળા ● પ.ભ. મુકેશભાઈ પી. પટેલ, રનેલા ● પ.ભ. અમૃતલાલ બી. પટેલ, ધમાસણા ● પ.ભ. ચોકસી ભોગીલાલ પ્રભુદાસ પટેલ સહપરિવાર, નારણપુરા (હ. વાસુદેવ સ્વામી). **માગસર વદ-૧૩** પ.ભ. કરસનભાઈ દેવજીભાઈ ગોરસિયા તથા ધર્મપત્નિ કેશરબાઈ સહપરિવાર. **માગસર વદ-૩૦** પ.ભ. પટેલ પ્રહલાદભાઈ બેચરદાસ પરિવાર.

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

દેઉસણા : પ.ભ. જયંતીભાઈ પટેલ (એલ.એ. અમેરિકાવાળા)ના પિતાશ્રી પરમ ભગવદિય શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠા વાળા પ.ભ. નારણભાઈ પુંજલદાસ પટેલ (ભગત) તા. ૧૪-૧૧-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

કાલીયાણા : ગં.સ્વ. શાંતાબેન દલસુખરામ રાવલ તા. ૮-૯-૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

માધવગઢ (પ્રાંતિજ દેશ) : પ.ભ. રણછોડભાઈ કોહ્યાભાઈ પટેલ તા. ૨૦-૧૧-૦૬ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



એટલાન્ટા (ISSO) ચેપ્ટરમાં
શ્રી અલ્પેશભાઈને ત્યાં ઠાકોરજીને
પ્રથમ અન્નકૂટ દર્શન



સીડની (ISSO) મંદિરમાં અન્નકૂટ દર્શન



ધ.ધુ.આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ
કોલેજના આચાર્ય ડો. યોગેશ પંડ્યા આયોજીત 'સુંદરકાંડ ડે' પ્રસંગ



શ્રી સહજાનંદ પ્રાથમિક શાળાના વિજ્ઞાન મેળાનું નિરીક્ષણ કરતા
પ.પૂ.મોટા મહારાજશ્રી




ઘાટલોડિયા નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં
ધૂન કરતા હરિભક્તો




ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ (ISSO)માં નિર્માણાધિન
આપણું ભવ્ય મંદિર

Registered under RNI - No - applied Followed by words " Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08



હિંમતનગર મંદિરમાં શાકોત્સવ કરતા પૂ. લાલજી મહારાજશ્રી



કાલીયાણામાં શ્રીહરિની પ્રસાદીની છત્રી ચરણારવિંદનું પૂજન
કરતા પૂ. મહારાજશ્રી





નારાયણઘાટ મંદિર મારૂતિયજ્ઞની આરતી ઉતારતા
પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ સિરીયલની DVD નો સેટ
(લગ્ન - જન્મદિન આદિ શુભ પ્રસંગે આપવા) ઉપલબ્ધ છે.
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ

Praful Kharsani